

# વન અધિકાર કાયદો

# ફેસિલિટેટર માર્ગદર્શિકા

*માલધારી સમુદાયો સાથે સંકળાયેલી સંસ્થાઓ માટે*



Centre for Pastoralism

Centre for Pastoralism

માલધારી સમુદાયો માટે

# વન અધિકાર કાયદો(FRA) ફેસિલિટેટર માર્ગદર્શિકા


સંકલન

તુષાર દાસ

વિયોના મોહન

માર્ગદર્શક(ઈનપુટ આપનાર)

રમેશ ભટ્ટી

શૌર્યમય દાસ

અમિત રાઠી

સેન્ટર ફોર પાસ્ટોરલિઝમ દ્વારા પ્રકાશિત, ઓગસ્ટ ૨૦૨૧
સેન્ટર ફોર પાસ્ટોરલિઝમ, ૨૦૨૧

**નિર્માણકાર**
અનુજા ખોખાણી

**સંપાદન**
છાની બંગસુત

**સેન્ટર ફોર પેસ્ટોરલિઝમ**
૧૫૫, શાહ પુર જાટ ગામ
૩જો માળ
નવી દિલ્હી ૧૧૦૦૪૯

www.centreforpastoralism.org

સર્વ હકો અમારી પાસે રાખેલા છે.

આ દસ્તાવેજને CC BY-NC-SA (એટ્રિબ્યુશન-નોન-કમર્શિયલ-શેરએલાઈક) લાયસન્સ હેઠળ કોપીરાઈટ કરવામાં આવ્યો છે.

આ લાઈસન્સ, અન્ય લોકોને તમારા કાર્યને બિન-વ્યાવસાયિક રીતે ફરી ઉપયોગ કરવા, અનુકૂલન અને બનાવવાની મંજૂરી આપે છે, જ્યાં સુધી તેઓ તમને ક્રેડિટ આપે અને તેમની નવી રચનાઓને સમાન શરતો હેઠળ લાઈસન્સ આપે.

**સહયોગ**
રોહિણી નિલેકણી ફીલાન્થ્રોફીસ
અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન

**સ્વીકૃતિ**
અમે નીચેની સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ સામગ્રી અને દસ્તાવેજોના યોગદાનને સ્વીકારીએ છીએ:
સહજીવન
હિમાચલ ઘુમંતુ પશુપાલક મહાસભા (HGPM)

આના દ્વારા વિકસિત સામગ્રી અને તાલીમ મોડ્યુલો:
નેશનલ રિસોર્સ સેન્ટર (SCSTRTI કેમ્પસ, ભુવનેશ્વર),
આદિજાતિ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી
સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ(UNDP) એસટી અને એસસી વિકાસ વિભાગ,
અનુસૂચિત જાતિ અને અનુ. આદિજાતિ સંશોધન અને તાલીમ સંસ્થા
વસુંધરા, ભુવનેશ્વર

# પ્રસ્તાવના

આ દસ્તાવેજનો મુખ્ય હેતુ માલધારી સમુદાયો માટે વન અધિકાર કાયદા અંગે(FRA) દાવો કરવામાં મદદ કરતાં લોકો માટે માર્ગદર્શિકા અને સંદર્ભ તરીકે કામ કરવાનો છે. આ દસ્તાવેજ વન અધિકાર કાયદા હેઠળની મુખ્ય વ્યાખ્યાઓ અને અધિકારોની સમજૂતી આપે છે, દાવો દાખલ કરવાની પ્રક્રિયા દરમિયાન જેની વારંવાર જરૂર પડી શકે છે. તેની ચકાસણી અને નિકાલની પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ મુખ્ય અધિકારીઓ અને તેમના મુખ્ય કાર્યોની જાણકારી પણ આપે છે. વન અધિકાર માટેની દાવાની પ્રક્રિયા (GS/SDLC/DLC)માં સામેલ સત્તાવાળાઓ સાથે જવાબદેહી જાળવવા માટે મહત્વપૂર્ણ વિભાગો અને કાર્યોનો સંદર્ભ આપવા ઉપયોગી થશે. આ દસ્તાવેજ દાવાઓ દાખલ કરવા માટે જરૂરી પુરાવા અને નકશાના પ્રકારોની સમજૂતી આપે છે.

અંતે, ગુજરાત અને હિમાચલ પ્રદેશના ઉદાહરણો દ્વારા, આ દસ્તાવેજ વન અધિકાર કાયદા હેઠળ દાવો કરવામાં મદદ કરનારને અધિકારપત્ર મેળવવા સાથે સંકળાયેલી ગૂંચવણો અંગે વાસ્તવિક જીવનના અનુભવોના આધારે સંદર્ભ પૂરો પાડે છે.



ફોટો ક્રેડિટ: રિતાયન મુખર્જી

ચાંગથાંગ, લદ્દાખમાં તેમના યાક સાથે ચાંગપા માલધારીઓ.

# વિષપ વસ્તુ


## 01 માલધારીયત  અને વન અધિકાર (FRA)

- વન અધિકાર કાયદો શું છે 08
- માલધારીયત અને વન અધિકાર 09
- મુખ્ય વ્યાખ્યાઓ 13

## 02 વન અધિકાર કાયદામાં  કરતાં સમુદાયોના અધિકારો

- વન અધિકાર અધિનિયમ અને માલધારી સમુદાયોના અધિકારો16

## 03 સત્તા-અધિકારીઓ અને કાર્યો


- દાવાઓની ફાઈલિંગ અને માન્યતામાં વન અધિકાર હેઠળ સ્થાપિત સત્તાધિકારીઓની ભૂમિકા 18
- ગ્રામ સભા (GS) 20
- વન અધિકાર સમિતિ (FRC) 22
- પેટા વિભાગીય કક્ષાની સમિતિ (SDLC) 23
- જિલ્લા કક્ષાની સમિતિ (DLC) 24
- રાજ્ય કક્ષાની નિગરાની સમિતિ (SLMC) 25


## 04 દાવાઓ ફાઈલ કરવાની અને નક્કી કરવાની પ્રક્રિયા


- દાવા દાખલ કરવાની પ્રક્રિયા 28
- વહીવટી સીમાઓ પર માલધારીઓનો દાવો દાખલ કરવો 30
- પુરાવાઓ 31
- માપણી (મેપિંગ) 36


## 05 ફરિયાદ અને અપીલ


- ફરિયાદ અને અપીલ 40
- અપીલ પ્રક્રિયામાં સત્તાવાળાઓના મુખ્ય કાર્યો 41


## 06 કેસ સ્ટડીઝ અને બોધ


- કેસ સ્ટડી-૧ 44
- કેસ સ્ટડી -૨ 48

# માલધારી અને વન અધિકાર કાયદો(FRA)



વન અધિકાર કાયદો (FRA) આજીવિકા, રહેઠાણ અને અન્ય સામાજિક-સાંસ્કૃતિક જરૂરિયાતો સહિતની વિવિધ જરૂરિયાતો માટે વન સંસાધનોનો ઉપયોગ કરવા માટે માલધારી સમુદાયો સહિત આદિવાસી સમુદાયોના અધિકારોને માન્યતા આપે છે.

## વન અધિકાર કાયદો(FRA) શું છે?

"વન અધિકાર કાયદો (FRA), ૨૦૦૬ એ સીમા ચિહ્ન રૂપ કાયદો છે જે જંગલમાં વસતા આદિવાસી સમુદાયો અને અન્ય પરંપરાગત નિવાસીઓના વન સંસાધનોના અધિકારોને માન્યતા આપે છે, જેના પર આ સમુદાયો આજીવિકા, રહેઠાણ અને સામાજિક-સાંસ્કૃતિક જરૂરિયાતો સહિતની વિવિધ જરૂરિયાતો માટે નિર્ભર રહ્યાં છે."

ભારતના જંગલોમાં લાખો લોકો વસે છે. જેમાં ઘણા માલધારી સમુદાયોનો પણ સમાવેશ થાય છે, આ સમુદાયો પોતાની આજીવિકા માટે જંગલ પર આધારિત છે. સમગ્ર ઈતિહાસ જોઈએ તો ખ્યાલ આવશે કે જંગલો સાથે આ સમુદાયોનો સંબંધ અતૂટ અને ગાઢ રહ્યો છે. આ સમુદાયો સમજતા હતા કે તેમના અસ્તિત્વ માટે જંગલો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણા મહત્વના રહ્યાં છે અને તેઓ સહિયારી માલિકી, સામુદાયિક માપદંડો અને આધ્યાત્મિક ભાવનાઓ દ્વારા વન સંસાધનોનું નિયમન કરે છે. ઈમારતી લાકડામાં અંગ્રેજોના વેપારી હિતને કારણે જંગલોમાં પરંપરાગત સમુદાયોનો પ્રવેશ પ્રતિબંધિત થયો. જેને કારણે આ સમુદાયોના માલિકી હક અને રૂઢિગત અધિકારો છીનવાઈ ગયા. સમય જતાં, આ સમુદાયો હાંસિયામાં ધકેલાઈ ગયા અને ઘણા લોકોએ પોતાની આજીવિકા ગુમાવી.

વન અધિકાર કાયદો(FRA), 2006 એ એક સીમાચિન્હ રૂપ કાયદો છે જે જંગલમાં વસતા આદિવાસીઓ તેમજ અન્ય પરંપરાગત સમુદાયોના વન સંસાધનો પરના અધિકારોને માન્યતા આપે છે, જેના પર આ સમુદાયો આજીવિકા, રહેઠાણ અને અન્ય સામાજિક-સંસ્કૃતિક બાબતો સહિત વિવિધ જરૂરિયાતો માટે નિર્ભર હતા. વન અધિકાર કાયદો અમલમાં આવ્યો તે પહેલાની સંસ્થાનવાદી તેમજ સ્વતંત્રતા પછીના ભારતમાં પણ બનેલી વન વ્યવસ્થાપન નીતિઓ, વન આધારિત સમુદાયોના સહજીવી સંબંધો અને વન સંરક્ષણ અંગેના આ સમુદાયોના પરંપરાગત જ્ઞાનને માન્યતા આપતી ન હતી.



ફોટો ક્રેડિટ: હશમત સિંહ

હિમાચલ પ્રદેશના કાંગડામાં આલ્પાઈન ઘાસના મેદાનમાં ઘેટાં ચરતા

આ અધિનિયમમાં વ્યક્તિગત અને સામુદાયિક બંને પ્રકારના વન અધિકારોનો સમાવેશ થાય છે. વ્યક્તિગત અધિકારોમાં સ્વ-ખેતી અને રહેઠાણના અધિકારોનો સમાવેશ થાય છે. સામુદાયિક વન અધિકારોમાં તે તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેના દ્વારા સમુદાયોએ પરંપરાગત રીતે જંગલો સાથે ટકાઉ સંબંધ બાંધ્યો અને વિકસાવ્યો છે, જેમાં પશુપાલન કરતા સમુદાયો દ્વારા થતી મોસમી ચરાઈનો પણ સમાવેશ થાય છે.

વન અધિકાર અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD) બંનેના અધિકારોને માન્યતા આપે છે. આથી, અનુસૂચિત આદિજાતિમાં આવતા સમુદાયો(ST) અને નોન-ST માલધારીઓ વન અધિકાર કાયદા હેઠળ અધિકારો મેળવી શકે છે. તે સમુદાયની મૂળભૂત માળખાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે જંગલની જમીનના રૂપાંતરણ માટેના અધિકારો પણ પૂરા પાડે છે. વન અધિકાર કાયદો અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD)ને જંગલની જમીનમાંથી બેદખલ અને નિકાલ સામે રક્ષણ આપે છે.

## 2. માલધારીયત અને વન અધિકાર કાયદો(FRA)

કેટલાક ભારતમાં માલધારીઓની સંખ્યા ૧ થી ૧.૨ કરોડ હોવાનો અંદાજ લગાવે છે, અન્યો ૩.૫ કરોડ જેટલી ઊંચી સંખ્યા દર્શાવી છે, જે અંદાજે ૨૦૦ સમુદાયોમાં ફેલાયેલા છે અને ૫ કરોડથી વધુ પ્રાણીઓના પશુધનનું સંચાલન કરે છે. રાજ્યના જંગલોને અનામત જંગલો અને અન્ય શ્રેણીઓમાં સમાવેશ થવાને કારણે આદિવાસીઓ અને અન્ય વનવાસી સમુદાયોની જેમ, માલધારીઓની જમીન અને જંગલોમાં પ્રવેશ-પહોંચ પર પણ અસર થઈ છે. રાજ્યના જંગલો સંદર્ભે થયેલાં જાહેરનામાંને કારણે માલધારીઓએ ચરિયાણની જમીનો પર પરંપરાગત પ્રવેશ અને નિયંત્રણ ગુમાવ્યું છે, જેમ કે હિમાચલના કાંગડા જિલ્લામાં બારા બંગહાલ વિસ્તાર (વન્યજીવ અભયારણ્ય તરીકે સીમાંકિત) .

માલધારીઓનું સમયાંતરે થતું સતત સ્થળાંતર પ્રક્રિયાની જટિલતામાં વધારો કરી આપે છે જેના પરિણામે માલધારી સમુદાયો દ્વારા વન અધિકાર કાયદા હેઠળ તુલનાત્મક રીતે ઓછા દાવાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ સ્થળાંતરને કારણે માલધારી સમુદાયોને મોસમને અનુરૂપ સંખ્યાબંધ રહેઠાણોનો ઉપયોગ કરે છે અને વર્ષમાં જુદા જુદા સમયે બહુવિધ સમુદાયો સાથે જેતે ગામના સામુદાયિક સંસાધનો(કોમન્સસ) સહિયારો ઉપયોગ કરે છે. અગાઉ, માલધારીઓને ચરિયાણના સંસાધનોની પહોચ અને જરૂરિયાતનો વન વિભાગ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે, જે પશુપાલનને જૈવવિવિધતા, વન્યજીવન અને ઈકોસિસ્ટમ માટે જોખમ તરીકે જુએ છે. પછીના સમયમાં, ગામડાંના સામુદાયિક સંસાધનો પર નભતા અન્ય સ્થાયી સમુદાયો માટે હરીફાઈ ઊભી થઇ, જેણે ચરિયાણ વિસ્તારોમાં માલધારીઓની પહોંચ સામે સૌથી મોટો પડકાર ઊભો કર્યો.



ફોટો ક્રેડિટ: હશમત સિંહ

ચાંગથાંગ, લદ્દાખમાં તેમના યાક સાથે ચાંગપા માલધારીઓ.



ફોટો ક્રેડિટ: અમિત રાઠી

ઉત્તરાખંડમાં ચરતી વન ગુર્જર માલધારીઓની માલિકીની ભેંસ.





ફોટો ક્રેડિટ: એમેન્યુઅલ થિયોફિલસ

કુમાઉના જંગલ વિસ્તારમાં ઘેટાંનું ટોળું



ફોટો ક્રેડિટ: શૌર્યમોય ડી

ધવલપુરી ઘાસના મેદાનોમાં, ડેક્કન ઘેટાં શ્વાનની જેમ ચારવામાં આવે છે.

મોસમી સ્થળાંતરને અને તેને કારણે ઉભી થતી અસલામતીની આ બંને પરિસ્થિતિઓ માલધારીના અધિકારોની વિશેષતા દર્શાવે છે, તેમના સંઘર્ષના બે પાસાઓ, તેમને પોતાના સંસાધન પરના અધિકારોને સુરક્ષિત કરવા માંગતા અન્ય સમુદાયોથી જુદાં પાડે છે. સૌપ્રથમ, માલધારીઓએક વિસ્તારથી બીજા વિસ્તારમાં જતા હોવાથી તેઓ પ્રદેશોમાં મુલાકાતીઓ હોય છે અને સામાન્ય રીતે વર્ષના ૬ મહિના સુધી મૂળ નિવાસી જગ્યાઓથી ગેરહાજર હોય છે, ક્યારેક લાંબા સમય સુધી. બીજું, ગીચ વસવાટવાળા વિસ્તારોમાં, માલધારીઓ ઘણીવાર કૃષિ સમુદાયોની સાથે ચરવાના અધિકારોનો દાવો કરે છે જેઓ વિવિધ હેતુઓ માટે ગામડાના સામુદાયિક સંસાધનોનો ઉપયોગ કરી શકે છે. આ બંને કિસ્સાઓમાં, માલધારીઓને બહારના લોકો તરીકે દર્શાવવામાં આવ્યા છે અને સ્થાયી સમુદાયોની સરખામણીમાં નિર્ણય લેવાની પ્રક્રિયા પર તેમનો રાજકીય પ્રભાવ ઓછો છે.

વન અધિકાર કાયદા હેઠળ, દાવાઓ દાખલ કરવાની પ્રક્રિયા ગ્રામસભાના સ્તરે શરૂ કરવામાં આવે છે. ગ્રામસભા(GS), પશુપાલન સમુદાયોના પ્રતિનિધિત્વ અને સહભાગિતા સાથે, વન અધિકાર સમિતિ(FRC)ની રચના કરશે અને વન અધિકારના દાવાઓની રજૂઆત કરવા માટે હાકલ કરશે. દાવો અને પુરાવા પ્રાપ્ત કર્યા પછી વન અધિકાર સમિતિ તેને લેખિતમાં સ્વીકારશે, માલધારી સમુદાયના સભ્યોની હાજરીમાં તેની ચકાસણી કરશે અને દાવાઓના વિસ્તારનો નકશો તૈયાર કરશે. દાવાઓના તારણો અંગેનો ઠરાવ પસાર કર્યા પછી ગ્રામસભા દાવાઓ પ્રાંત સ્તરની સમિતિ(SDLC)ને મોકલશે. પ્રાંત સ્તરની સમિતિ દાવાઓ પર ભલામણો કરી શકે છે અને પછી તેને વિચારણા માટે જિલ્લા સ્તરની સમિતિ (DLC)ને મોકલશે. પછી જિલ્લા સ્તરની સમિતિ વન અધિકારોનો રેકોર્ડ તૈયાર કરશે અને દાવેદારો માટે ટાઇટલ જાહેર કરશે. જો આમાંના કોઈપણ સ્તરે (GS/SDLC/DLC) દાવાઓનો અસ્વીકાર અથવા ફેરફાર થયો હોય, તો તેની માહિતી દાવેદારોને લેખિતમાં જણાવવાની રહેશે.

## ચાવીરૂપ વ્યાખ્યાઓ

વન અધિકાર કાયદા હેઠળ માલધારી સમુદાયો માટે સંબંધિત મુખ્ય વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- વન અધિકાર કાયદા(FRA)ની કલમ ૨ (ડી) મુજબ 'ફોરેસ્ટ

લેન્ડ', કોઈપણ જંગલ વિસ્તારની અંદર આવતા કોઈપણ પ્રકારની જમીન સૂચવે છે અને તેમાં અવર્ગીકૃત જંગલો, બિન-સીમાંકિત જંગલો, હાલના અથવા માનવામાં આવતા જંગલો, સંરક્ષિત જંગલો, આરક્ષિત જંગલો, અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનો સમાવેશ થાય છે. એ નોંધવું આવશ્યક છે કે વન વિભાગ દ્વારા નોંધાયેલ જંગલો સહિતની તમામ જંગલની જમીનો અને નોંધણી થઇ નથી તે જંગલો પણ વન અધિકાર કાયદાનો ભાગ છે.

❖ સામુદાયિક વન સંસાધન એટલે ગામની પરંપરાગત અથવા રૂઢિગત સીમાઓની અંદરની જંગલની જમીન અથવા પશુપાલન સમુદાયના સંદર્ભે જે જમીનો(લેન્ડસ્કેપ)નો મોસમી ઉપયોગ થતો હોય, જેમાં આરક્ષિત જંગલો, સંરક્ષિત જંગલો અને સંરક્ષિત વિસ્તારો જેમ કે અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનો સમાવેશ થાય છે જેમાં સમુદાયોને પરંપરાગત રીતે પ્રવેશ કરવાનો હક હતો.

❖ અનુસૂચિત જન જાતિ અને અન્ય પરંપરાગત નિવાસીઓ (ST/OTFD) શ્રેણી અર્થ:

• વન નિવાસી અનુસૂચિત આદિજાતિ : જેનો અર્થ છે કે અનુસૂચિત આદિજાતિ ના સભ્યો અથવા સમુદાય કે જેઓ મુખ્યત્વે આ વિસ્તારોમાં વસવાટ કરે છે અને જેઓ વાસ્તવિક(ખરા અર્થમાં) રીતે આજીવિકાની જરૂરિયાતો માટે જંગલો અથવા જંગલની જમીન પર આધાર રાખે છે અને તેમાં અનુસૂચિત આદિજાતિ ના માલધારી સમુદાયોનો સમાવેશ થાય છે;

• અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD): "અન્ય પરંપરાગત નિવાસીઓ" એટલે કોઈ પણ સભ્ય અથવા સમુદાય કે જેઓ 13મી ડિસેમ્બર, 2005 પહેલાની ઓછામાં ઓછી ત્રણ પેઢીઓથી મુખ્ય રૂપે આ વિસ્તારોમાં રહે છે અને જેઓ વાસ્તવિક રીતે આજીવિકાની જરૂરિયાતો માટે જંગલ અથવા જંગલો પર આધાર રાખે છે.


આરક્ષિત જંગલ


સંરક્ષિત જંગલ



રાષ્ટ્રીય ઉદ્યાન



વન્યજીવ અભયારણ્ય

# વન અધિકાર કાયદામાં માલધારી સમુદાયોના અધિકારો

ખાસ કરીને વન અધિકાર કાયદા હેઠળ કેટલાક મહત્વપૂર્ણ અધિકારો અને પેટા વિભાગો છે માલધારી સમુદાયો માટે તેમના પરંપરાગત ચરિયાણ સંસાધનોના અધિકારોનો દાવો કરવા માટે.



# વન અધિકાર કાયદો અને માલધારી સમુદાયોના અધિકારો

વન અધિકાર કાયદા હેઠળના કેટલાક મહત્વપૂર્ણ અધિકારો અને પેટા વિભાગો નીચે આપેલ છે જેનો દાવો દાખલ કરવાની પ્રક્રિયા દરમિયાન વારંવાર ઉલ્લેખ કરવામાં આવશે.

❖ સામુદાયિક વન અધિકાર (CFR):

આ અધિકારોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

1. પશુ ચરિયાણ
2. માછીમારી અને જંગલોમાં જળાશયો સુધીની પહોંચ
3. વિચરતી અને માલધારી સમુદાયોની પરંપરાગત મોસમી સંસાધન સુધી પહોંચ: માલધારી અને વિચરતા સમુદાયોની તેમના મોસમી સ્થળાંતરના માર્ગ પર આવતા ચરિયાણ મેદાનો સુધી તેમની પહોંચ.
4. જૈવવિવિધતા સુધી પહોંચ
5. બૌદ્ધિક સંપત્તિ અને પરંપરાગત જ્ઞાનનો સામુદાયિક અધિકાર
6. પરંપરાગત રૂઢિગત અધિકારોની માન્યતા
7. ટકાઉ ઉપયોગ માટે કોઈપણ સામુદાયિક વન સંસાધનોનું રક્ષણ, સંવર્ધન અથવા સંરક્ષણ અથવા સંચાલન કરવાનો અધિકાર

અધિનિયમની કલમ 3 હેઠળ માલધારી સમુદાયો માટે મહત્વપૂર્ણ અધિકારો:

1. કલમ 3 (1) (બી): સામુદાયિક અધિકારો અથવા નિસ્તાર અધિકારો જેમાં અગાઉના રજવાડાઓ, જમીનદારી અથવા આવા મધ્યસ્થી શાસનમાં ઉપયોગમાં લેવાતા હતા.
2. કલમ 3 (1) (સી): માલિકીનો અધિકાર, ગૌણ વન પેદાશોના સંગ્રહ, ઉપયોગ અને વેચાણની આપ-લે, જે પરંપરાગત રીતે ગામની સીમાઓની અંદર અથવા બહારથી એકઠું કરવામાં આવે છે.
3. કલમ 3 (1) (ડી): માછલીઓ અને જળાશયોના અન્ય ઉત્પાદનો, ચરિયાણ (બંને સ્થાયી અથવા વિચરતા ) અને વિચરતી અથવા માલધારી સમુદાયોના પરંપરાગત મોસમી સંસાધનોની પહોંચ જેવા ઉપયોગ અથવા હકના સમુદાય અધિકારો;
4. કલમ 3 (1) (આઈ): કોઈપણ સામુદાયિક વન સંસાધનનું રક્ષણ, સંવર્ધન, સંરક્ષણ, વ્યવસ્થાપન કરવાના અધિકારો જેનો ટકાઉ ઉપયોગ તેઓ પરંપરાગત રીતે જાળવણી અને સંરક્ષણ દ્વારા કરી રહ્યાં છે.
5. કલમ 3 (1) (કે): બૌદ્ધિક સંપદાનો સામુદાયિક અધિકાર જેમાં જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વિવિધતા સંબંધિત પરંપરાગત જ્ઞાનનો સમાવેશ થાય છે.

# સત્તાધીશો અને કાર્યો




વન અધિકાર કાયદાની અંદર, વિવિધ વહીવટી સંસ્થાઓ(ગવર્નિંગ બોડી) પાસે દાવો દાખલ કરવાની અને માન્ય કરવાની પ્રક્રિયામાં ચોક્કસ ભૂમિકાઓ અને જવાબદારીઓ હોય છે.

## (સી) દાવાઓ દાખલ કરવામાં અને માન્ય કરવામાં વન અધિકાર કાયદા હેઠળ સ્થાપિત સત્તાધિકારીઓની ભૂમિકા

હકોનો દાવો કરવાની પ્રક્રિયા જંગલોના રફ નકશા દોરવાથી શરૂ થાય છે જેમાં ગ્રામસભા નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ પછી જમીન પર ચકાસણી કરવામાં આવે છે અને તેની વિગતો ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવે છે. **એ નોંધવું અગત્યનું છે કે ગ્રામસભાને વન અધિકાર હેઠળ જાહેર સત્તા તરીકે ગણવામાં આવે છે, અને જો ઉચ્ચ સત્તાવાળાઓ તેના દાવાઓને નકારે છે, તો આમ કરવા માટે વાસ્તવિક કારણો પૂરા પાડવાના રહેશે.**

**એ નોંધવું અગત્યનું છે કે ગ્રામસભાને વન અધિકાર હેઠળ જાહેર સત્તા તરીકે ગણવામાં આવે છે, અને જો ઉચ્ચ સત્તાવાળાઓ તેના દાવાઓને નકારી કાઢે છે, તો આમ કરવા માટે પાયાના કારણો પૂરા પાડવાના રહેશે.**





સામુદાયિક વન અધિકારના દાવાઓની ચર્ચા કરવા માટે ગ્રામસભાની બેઠક

# ગ્રામસભા (GS)

ગ્રામસભાને વ્યક્તિગત વન અધિકારો(IFR) અથવા સામુદાયિક વન અધિકારો (CFR) અથવા સમુદાયને આપવામાં આવતા અધિકારની સ્વરૂપ અને તેની સીમા નક્કી કરવા માટે પ્રક્રિયા શરૂ કરવાની સત્તા છે.

## ❖ ગ્રામસભાનું આયોજન

સંબંધિત માલધારી સમુદાયની ગતિશીલતા અને પહોંચની જરૂરિયાતોને આધારે ગ્રામસભાનું આયોજન કરવા માટે નીચેના વિકલ્પો સૂચવવામાં આવ્યા છે. આમાંની કેટલીક પદ્ધતિઓનો નીચેના દર્શાવેલ કેસોમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે.

1. ઘણા માલધારી સમુદાયો સ્થાયી ગામોના રહેવાસીઓ છે અને ચરિયાણ માટે મોસમી સ્થળાંતર કરે છે. આવી પરિસ્થિતિઓમાં, તેમના રહેઠાણના ગામોમાં ગ્રામસભા અને વન અધિકાર સમિતિની રચના કરી શકાય છે, જ્યાં તેઓ વન અધિકારના દાવાઓ દાખલ કરી શકે છે. નોંધનીય છે કે માલધારી સમુદાયના રહેવાસીઓ ગામડાઓમાં અન્ય સમુદાયો સાથે રહી શકે છે અને તેથી માલધારી સમુદાયોના પર્યાપ્ત પ્રતિનિધિત્વ સાથે ગ્રામસભાની રચના જરૂરી છે.
2. વિચરતી અને અર્ધ-વિચરતી જાતિના માલધારી સમુદાયો કે જેઓ રહેઠાણથી બહાર નોંધપાત્ર સમય વિતાવે છે તેઓ જંગલોના ગામો/વસાહતો જ્યાં તેઓ જતાં હોય છે ત્યાંના સ્થાનિક સમુદાયો સાથે ગ્રામસભામાં ભાગ લઈ શકે છે.

## ❖ ગ્રામસભાના કાર્યો

ગ્રામસભા વન અધિકાર કાયદા હેઠળ અધિકારોના દાવાઓ કરવાની પ્રક્રિયાનું નેતૃત્વ કરે છે. આ પ્રક્રિયા વન અધિકારોની હદ અને સ્વરૂપ નક્કી કરીને અને વન અધિકાર સમિતિની રચના કરીને શરૂ કરવામાં આવે છે, ત્યારબાદ વન અધિકાર સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવે છે. માલધારી જૂથો મોટાભાગે વર્ષ દરમિયાન ઘણાં સમય માટે સ્થાનિક સ્તરે હાજર ન હોવાથી, ગ્રામસભા અને વન અધિકાર સમિતિને વન અધિકાર માટેના દાવાની પ્રક્રિયામાં માલધારી સમુદાયો (તેમના પ્રતિનિધિઓ અથવા તેમની પરંપરાગત સંસ્થાઓ) ની ભાગીદારીની ખાતરી કરવા માટે જરૂરી પગલાં લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

**ગ્રામસભાના કાર્યો નીચે મુજબ છે:**

1. ખાસ ગ્રામસભા, વનવાસીઓના વન અધિકારોનું સ્વરૂપ અને સીમા નક્કી કરે.
2. તેને લગતા દાવાઓની માંગણી અને સુનાવણી કરવી.
3. વન અધિકાર માટે દાવો કરનારની યાદી તૈયાર કરવી અને

દાવોકરનાર અને દાવાઓની જરૂરી વિગતોનું રજીસ્ટર જાળવવું.

4. સંબંધિત વ્યક્તિઓ અને સત્તામંડળને વાજબી તક આપ્યા બાદ વન અધિકારના દાવા અંગેનો ઠરાવ પસાર કરવો અને તેને પેટા વિભાગીય કક્ષાની(સબ ડીવીઝનલ) સમિતિને મોકલવો.
5. અધિનિયમની કલમ 5ની જોગવાઈઓને અમલમાં લાવવા માટે પોતાના સભ્યોમાંથી વન્યજીવન, જંગલ અને જૈવવિવિધતા રક્ષણ માટે સમિતિઓની રચના કરવી.
6. અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી સમુદાયોના લાભ માટે આવા સામુદાયિક વન સંસાધનોનું ટકાઉ અને સમાન રીતે સંચાલન કરવા માટે સામુદાયિક વન સંસાધનોના સંરક્ષણની કલમ (e) હેઠળ રચાયેલ (વન અધિકાર સમિતિ)FRCની દેખરેખ રાખવી અને વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી.
7. ગ્રામસભા ઉપરોક્ત સંરક્ષણ અને વ્યવસ્થાપન યોજનાઓને વન વિભાગની સૂક્ષ્મ, કાર્યકારી અથવા વ્યવસ્થાપન યોજનાઓ સાથે સમિતિ દ્વારા જરૂરી ગણવામાં આવે તેવા ફેરફારો સાથે સંકલિત કરશે.
8. વાહતુક પાસ, ઉત્પાદનના વેચાણમાંથી થતી આવકનો ઉપયોગ અથવા વ્યવસ્થાની રૂપરેખામાં થયેલ ફેરફારને લગતા સમિતિના તમામ નિર્ણયોને મંજૂરી આપવી.

**વન અધિકાર હેઠળ અધિકારોના દાવાઓ કરવાની પ્રક્રિયાનું નેતૃત્વ ગ્રામસભા કરે છે. આ પ્રક્રિયા વન અધિકારોની હદ અને સ્વરૂપ નક્કી કરીને અને વન અધિકાર સમિતિ(FRC) ની રચના કરીને શરૂ કરવામાં આવે છે, ત્યારબાદ વન અધિકાર સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવે છે.**

## વન અધિકાર સમિતિ(FRC)

### ❖ તે કેવી રીતે રચાય છે?

1. ગ્રામસભાને ગ્રામ પંચાયત દ્વારા બોલાવવામાં આવશે અને તેની પ્રથમ બેઠકમાં, તે તેના જ સભ્યોમાંથી, વન અધિકાર સમિતિના સભ્યો તરીકે દસથી ઓછા નહીં પરંતુ પંદર વ્યક્તિઓથી વધુ ન હોય તેમ સમિતિની પસંદગી કરાશે. ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યો અનુસૂચિત આદિજાતિના હોવા જોઈએ જો કે:

- આવા સભ્યોમાંથી ઓછામાં ઓછી એક તૃતીયાંશ મહિલાઓ હોવી જોઈએ;
- જ્યાં કોઈ અનુસૂચિત આદિજાતિ ન હોય ત્યાં આવા સભ્યોમાં ઓછામાં ઓછી એક તૃતીયાંશ મહિલાઓ હોવી જોઈએ.

ઘણા માલધારી સમુદાયોના કિસ્સામાં એ નોંધવું અગત્યનું છે કારણકે એવા પ્રદેશોમાં જ્યાં અનુસૂચિત જાતિની વસ્તી નથી, ત્યાં અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD) સભ્યો સાથે મળીને વન અધિકાર સમિતિની રચના કરી શકાય છે. આથી, એવા પ્રદેશોમાં જ્યાં અનુસૂચિત સમુદાયની વસ્તી નથી, વન અધિકાર સમિતિની રચના માલધારી સમુદાયો સાથે કરી શકાય છે જેઓ અન્ય પરંપરાગત નિવાસીઓ(OTFD) શ્રેણીમાં પણ આવે છે.

2. (અ) વન અધિકાર સમિતિ અધ્યક્ષ અને સચિવની પસંદગી કરશે અને તેની વિગતો પેટા વિભાગીય કક્ષાની સમિતિને આપશે. જ્યારે વન અધિકાર સમિતિનો સભ્ય પણ વ્યક્તિગત રીતે વન અધિકારનો દાવેદાર હોય, ત્યારે તેણે સમિતિને જાણ કરવી જોઈએ અને જ્યારે તેનો/તેણીનો દાવો ગણવામાં આવે ત્યારે તે ચકાસણીની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં.

### ❖ વન અધિકાર સમિતિના કાર્યો

- વન અધિકાર કાયદાના નિયમ 11 (2) હેઠળ વન અધિકાર સમિતિ, ગ્રામસભાને તેના કાર્યોમાં મદદ કરશે:

1. ઉલ્લેખિત ફોર્મમાં આવા દાવાઓના સમર્થનમાં દાવાઓ અને પુરાવા પ્રાપ્ત કરવા, સ્વીકારવા અને જાળવી રાખવા;
2. નકશા સહિત દાવાઓ અને પુરાવાઓનો રેકોર્ડ તૈયાર કરવો;
3. વન અધિકારના દાવેદારોની યાદી તૈયાર કરવી;
4. આ નિયમો અનુસાર આપેલા દાવાઓને ચકાસવા;
5. દાવાનું સ્વરૂપ અને હદ અંગેના તેમના તારણો ગ્રામસભામાં વિચારણા માટે રજૂ કરવા.

- વન અધિકાર સમિતિ દ્વારા પ્રાપ્ત થયેલ દરેક દાવા લેખિતમાં સ્વીકારવામાં આવશે. વન અધિકાર સમિતિએ ફોર્મ 'બમાં સામુદાયિક વન અધિકારો માટે ગ્રામસભા વતી દાવાઓ પણ તૈયાર કરશે અને કલમ 3ની પેટા-કલમ (1) ની કલમ (i) હેઠળ ફોર્મ 'ક' માં સામુદાયિક વન સંસાધન પરના અધિકાર માટેના દાવાઓ તૈયાર કરશે  જે અંગેના નિયમો પરિશિષ્ટામાં આપેલાં છે.

## પેટા વિભાગીય કક્ષાની સમિતિ (SDLC)

**પેટા વિભાગીય કક્ષાની સમિતિ(SDLC) અને જિલ્લા કક્ષાની સમિતિ(DLC)માટે અધિકારના અધિકાર પત્ર અને રેકોર્ડ્સ તૈયાર કરવા તે દાવાની પ્રક્રિયાનો એક ભાગ છે. પેટા વિભાગીય કક્ષાની સમિતિએ, ગ્રામસભા દ્વારા મોકલવામાં આવેલ દાવા પર ભલામણો મેળવી અને તેની તપાસ કરવી જરૂરી છે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ મંજૂરી માટે જિલ્લા કક્ષાની સમિતિને સોપવા માટે અધિકારોનો ડ્રાફ્ટ રેકોર્ડ તૈયાર કરશે.**

## ❖ પેટા વિભાગીય કક્ષાની સમિતિનું માળખું

પેટા વિભાગીય કક્ષાની સમિતિની રચના રાજ્ય સરકાર દ્વારા નીચેના સભ્યોને સાંકળીને કરવામાં આવી છે:

- પ્રાંત અધિકારી અથવા સમકક્ષ અધિકારી - અધ્યક્ષ;
- પેટા વિભાગ અથવા સમકક્ષ અધિકારીનો હવાલો સંભાળતા વન અધિકારી;
- બ્લોક અથવા તાલુકા સ્તરની પંચાયતોના ત્રણ સભ્યો તાલુકા પંચાયત દ્વારા નામાંકિત કરવામાં આવશે. (1) આમાંથી ઓછામાં ઓછા બે સભ્યો અનુસૂચિત આદિજાતિ કેટેગરીના હોવા જોઈએ અને મુખ્યત્વે વનવાસી અથવા આદિમ સંવેદનશીલ આદિવાસી જૂથો(PVTG) હોવા જોઈએ. (2) જે પ્રદેશોમાં અનુસૂચિત આદિજાતિ નથી, ત્યાં બે સભ્યો અન્ય પરંપરાગત નિવાસીઓ(OTFD) શ્રેણીના હોવા જોઈએ અને તેમાંથી એક મહિલા હોવા જોઈએ. (3) બંધારણની 6ઠ્ઠી અનુસૂચિ હેઠળ સમાવિષ્ટ વિસ્તારોમાં, ત્રણ સભ્યો સ્વાયત્ત જિલ્લા પરિષદ અથવા પ્રાદેશિક પરિષદ દ્વારા નામાંકિત હોવા જોઈએ અને આ સભ્યોમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોવા જોઈએ. આદિજાતિ કલ્યાણ વિભાગના અધિકારી પેટા વિભાગનો હવાલો સંભાળતા હોય અથવા જ્યાં આવા અધિકારી ઉપલબ્ધ ન હોય ત્યાં આદિજાતિ બાબતોના પ્રભારી અધિકારી.

## ❖ પેટા વિભાગીય કક્ષાની સમિતિના કાર્યો

1. અધિનિયમ અને નિયમો હેઠળ નિર્ધારિત ઉદ્દેશ્યો અને પ્રક્રિયાઓ વિશે વનવાસીઓમાં જાગૃતિ કેળવવી;
2. ગ્રામસભા અથવા વન અધિકાર સમિતિ દ્વારા પૂછવામાં આવેલી માહિતી અને રેકોર્ડ્સ પ્રદાન કરો અને જો જરૂરી હોય તો અધિકૃત અધિકારી દ્વારા તેને સ્પષ્ટત કરવાની સુવિધા આપશે.
3. ગ્રામસભા અથવા વન અધિકાર સમિતિને જંગલ અને મહેસૂલ નકશા અને મતદાર યાદી પ્રદાન કરશે.
4. ખાતરી કરવી કે ગ્રામસભાની પ્રક્રિયા સ્વતંત્ર, મુક્ત અને ન્યાયી રીતે હાથ ધરવામાં આવશે.
5. આ નિયમોના પરિશિષ્ટ I (ફોર્મ A, B અને C) માં પૂરા પાડવામાં આવેલ દાવેદારોને દાવાઓના ફોર્મની સરળતાથી અને મફત ઉપલબ્ધતાની ખાતરી કરશે;
6. સંબંધિત ગ્રામસભાના તમામ ઠરાવો એકત્રિત કરશે;
7. ગ્રામસભા દ્વારા પૂરા પાડવામાં આવેલ નકશા અને વિગતોને એકીકૃત કરશે;
8. દાવાની અધિકૃતતા નક્કી કરવા માટે ગ્રામસભાના ઠરાવો અને નકશાની તપાસ કરશે;
9. કોઈપણ વન અધિકારોનું સ્વરૂપ અને હદ પર ગ્રામસભા વચ્ચેના વિવાદો સાંભળો અને તે અંગે ન્યાય કરશે;
10. આંતર-પેટા-વિભાગીય દાવાઓ માટે અન્ય પેટા વિભાગીય કક્ષાની સમિતિ સાથે સંકલન કરશે;
11. સરકારી રેકોર્ડની મેળવણી પછી સૂચિત વન અધિકારોનો બ્લોક અથવા તાલુકા મુજબનો ડ્રાફ્ટ રેકોર્ડ તૈયાર કરશે;
12. અન્ય પેટા વિભાગીય કક્ષાના ઓફિસર મારફત સૂચિત વન અધિકારોના ડ્રાફ્ટ રેકોર્ડ સાથેના દાવાઓને અંતિમ નિર્ણય માટે જિલ્લા સ્તરની સમિતિને મોકલશે.

# જિલ્લા કક્ષાની સમિતિ (DLC)

**જિલ્લા કક્ષાની સમિતિ દાવો મંજૂર કરવા માટેની સર્વોચ્ચ સત્તા છે. જિલ્લા કક્ષાની સમિતિ, પેટા વિભાગીય કક્ષાની સમિતિ દ્વારા રજૂ કરાયેલા અધિકારોના ડ્રાફ્ટ રેકોર્ડને મેળવશે અને તેની તપાસ કરશે. દાવાને મંજૂર કર્યા પછી, જિલ્લા કક્ષાની સમિતિ અધિકારોનો અંતિમ રેકોર્ડ બનાવશે અને દાવો કરનાર સમુદાયને દાવાઓના અધિકાર પત્રનું વિતરણ કરશે.**



ગુજરાતમાં સામુદાયિક વન અધિકારો સ્થાપિત કરવા જિલ્લા કક્ષાની સમિતિની બેઠક

## ❖ જિલ્લા કક્ષાની સમિતિનું માળખું

રાજ્ય સરકાર દ્વારા નીચેના સભ્યો સાથે જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે:

1. જિલ્લા કલેક્ટર અથવા ડેપ્યુટી કમિશનર - અધ્યક્ષ;
2. સંબંધિત વિભાગીય વન અધિકારી અથવા સંબંધિત નાયબ વન સંરક્ષક;
3. જિલ્લા પંચાયતના ત્રણ સભ્યો જિલ્લા પંચાયત દ્વારા નામાંકિત કરવામાં આવશે. (1)આમાંથી ઓછામાં ઓછા બે સભ્યો અનુસૂચિત આદિજાતિ કેટેગરીના હોવા જોઈએ અને પ્રાધાન્યપણે વનવાસી અથવા (PVTG) હોવા જોઈએ. (2) જે પ્રદેશોમાં અનુસૂચિત આદિજાતિ નથી, ત્યાં બે સભ્યો અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD) શ્રેણીના હોવા જોઈએ અને તેમાંથી એક મહિલા હોવી જોઈએ. (3) બંધારણની 6ઠ્ઠી અનુસૂચિ હેઠળ સમાવિષ્ટ વિસ્તારોમાં, ત્રણ સભ્યો સ્વાયત્ત જિલ્લા પરિષદ અથવા પ્રાદેશિક પરિષદ દ્વારા નામાંકિત હોવા જોઈએ અને આ સભ્યોમાંથી ઓછામાં ઓછા એક મહિલા હોવા જોઈએ. જિલ્લાના પ્રભારી આદિજાતિ કલ્યાણ વિભાગના અધિકારી અથવા જ્યાં આવા અધિકારી ઉપલબ્ધ ન હોય ત્યાં આદિજાતિ બાબતોના પ્રભારી અધિકારી.

## ❖ જિલ્લ્લા કક્ષાની સમિતિનું કાર્ય

1. ખાતરી કરશે કે નિયમ 6 ની કલમ (b) હેઠળ જરૂરી માહિતી ગ્રામસભા અથવા વન અધિકાર સમિતિને પ્રદાન કરવામાં આવી છે;
2. તપાસ કરશે કે શું તમામ દાવાઓ, ખાસ કરીને આદિમ આદિવાસી જૂથો, માલધારીઓઅને વિચરતી જાતિઓના, કાયદાના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને મોકલવામાં આવ્યા છે;
3. પેટા વિભાગીય કક્ષાની સમિતિ દ્વારા તૈયાર કરાયેલા વન અધિકારોના દાવા અને રેકોર્ડને ધ્યાનમાં લઈને અને પ્રક્રિયાને અંતે મંજૂર કરશે;
4. આંતર-જિલ્લા દાવાઓ અંગે અન્ય જિલ્લાઓ સાથે સંકલન;
5. અધિકારોના રેકોર્ડ સહિત સંબંધિત સરકારી રેકોર્ડમાં વન અધિકારોનો સમાવેશ કરવા માટે નિર્દેશો જારી કરશે; વન અધિકારોના રેકોર્ડના પ્રકાશનની ખાતરી કરશે;
6. ખાતરી કરો કે આ નિયમોના પરિશિષ્ટ II અને IIIમાં ઉલ્લેખિત કાયદા હેઠળના વન અધિકારો અને અધિકાર પત્રના રેકોર્ડની પ્રમાણિત નકલ, અનુક્રમે સંબંધિત દાવેદાર અને ગ્રામસભાને પ્રદાન કરવામાં આવશે ;
7. ખાતરી કરશે કે સામુદાયિક વન સંસાધનના અધિકારના રેકોર્ડની પ્રમાણિત નકલ અને અધિનિયમ હેઠળના ટાઇટલ, આ નિયમોના પરિશિષ્ટ IVમાં નિર્દેશ કર્યા મુજબ, સંબંધિત ગ્રામસભા અથવા સમુદાયને પ્રદાન કરવામાં આવે છે જેમના સામુદાયિક વન સંસાધન પર અધિકારો છે. કલમ 3ની પેટા-કલમ (1)ની કલમ (i) હેઠળ માન્ય.

# રાજ્ય કક્ષાની નિગરાની સમિતિ

# (SLMC)

**રાજ્ય-સ્તરની દેખરેખ સમિતિ એ રાજ્યમાં વન અધિકાર કાયદાના અમલીકરણ પર દેખરેખ રાખવા માટેની રાજ્ય સ્તરની સત્તા છે. રાજ્ય કક્ષાની નિગરાનીસમિતિની અધ્યક્ષતા મુખ્ય સચિવ કરે છે, જેમાં આદિજાતિ કલ્યાણ, મહેસૂલ, વન, પંચાયતી રાજના સચિવો સભ્યો તરીકે અને આદિજાતિ સલાહકાર પરિષદના સભ્યો હોય છે.**

### ❖ રાજ્ય કક્ષાની નિગરાનીસમિતિની રચના

(a) મુખ્ય સચિવ - અધ્યક્ષ;

(b) સચિવ, મહેસૂલ વિભાગ - સભ્ય;

(c) સચિવ, આદિજાતિ અથવા સમાજ કલ્યાણ વિભાગ - સભ્ય;

(d) સચિવ, વન વિભાગ - સભ્ય;

(e) સચિવ, પંચાયતી રાજ - સભ્ય;

(f) મુખ્ય મુખ્ય વન સંરક્ષક - સભ્ય;

(g) આદિજાતિ સલાહકાર પરિષદના ત્રણ અનુસૂચિત જનજાતિ સભ્યો, આદિજાતિ સલાહકાર પરિષદના અધ્યક્ષ દ્વારા નામાંકિત કરવામાં આવશે અને જ્યાં કોઈ આદિજાતિ સલાહકાર પરિષદ નથી, રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ ત્રણ સભ્યો નામાંકિત કરવા;


(h) કમિશનર, આદિજાતિ કલ્યાણ અથવા સમકક્ષ જે સભ્ય-સચિવ હશે.

### ❖ રાજ્ય કક્ષાની નિગરાનીસમિતિના કાર્યો

1. વન અધિકારોની માન્યતા અને નિમણૂકની પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે માપદંડો અને સૂચકો બનાવશે;
2. રાજ્યમાં વન અધિકારોની માન્યતા, ચકાસણી અને નિમણૂકની પ્રક્રિયા પર દેખરેખ રાખવી;
3. વન અધિકારોની માન્યતા, ચકાસણી અને નિમણૂકની પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે ઓછામાં ઓછા ત્રણ મહિનામાં એકવાર મળવું,
4. ક્ષેત્રીય સ્તરની ચકાસણી અને વન અધિકારોની નિમણૂકને ધ્યાનમાં લેશે અને સંબોધિત કરશે , ક્ષેત્ર સ્તરની સમસ્યાઓને ધ્યાનમાં લેશે અને સંબોધિત કરશે,
5. દાવાની સ્થિતિ અંગેના તેમના મૂલ્યાંકન પર કેન્દ્ર સરકારને આ નિયમોમાં પરિશિષ્ટ (V) તરીકે જોડાયેલા ફોર્મેટમાં ત્રિમાસિક અહેવાલ આપશે. રાજ્ય કક્ષાની નિગરાની સમિતિ એ કાયદા હેઠળ જરૂરી પગલાંઓ અને મંજૂર કરાયેલા દાવાઓની વિગતોનું પાલન પણ રજૂ કરવું જરૂરી છે. જો કોઈ દાવાઓ નકારવામાં આવ્યા હોય તો તેના કારણો રજૂ કરવાના રહેશે. ઉપરાંત, તમામ બાકી દાવાઓની સ્થિતિ પણ રજૂ કરવી જરૂરી છે.
6. અધિનિયમની કલમ 8માં ઉલ્લેખિત સૂચના પ્રાપ્ત થવા પર, અધિનિયમ હેઠળ સંબંધિત અધિકારીઓ સામે યોગ્ય પગલાં લેશે;
7. અધિનિયમની કલમ 4ની પેટા-કલમ (2) હેઠળ પુનર્વસન પર દેખરેખ રાખો;
8. ખાસ કરીને, કલમ 3 ની પેટા-કલમ (1) ની કલમ (m) અને કલમ 4 ની પેટા-કલમ (8)માં સમાવિષ્ટ જોગવાઈઓના પાલનનું નિરીક્ષણ કરશે.

# દાવાઓ દાખલ કરવાની અને ઠરાવ કરવાની પ્રક્રિયા

માલધારી સમુદાયો માટે વન અધિકાર કાયદા હેઠળ દાવાઓ દાખલ કરવા અને મંજૂર કરવા માટેની ક્રમિક પ્રક્રિયા નીચે મુજબની છે.



## દાવો દાખલ કરવાની પ્રક્રિયાના પગલાંઓ

### પગલું 01

ગ્રામસભા, વન અધિકાર સમિતિની રચના કરશે અને વન અધિકારના દાવાઓ રજૂ કરવા માટે જાણ કરશે. અહીં, ગ્રામસભાએ માલધારી સમુદાયોના પ્રતિનિધિત્વ અને ભાગીદારીની ખાતરી કરવી જરૂરી છે.

### પગલું 02

વન અધિકાર સમિતિ દાવાઓ, તેમજ દાવાઓના સમર્થનમાં પુરાવા મેળવશે, સ્વીકારશે અને જાળવણી કરશે. આ દાવાઓ દાખલ કરતી વખતે માલધારી સમુદાયોના સ્થળાંતરના માર્ગો ધ્યાનમાં લેવા જોઈએ.

### પગલું 03

વન અધિકાર સમિતિ દાવાઓને વન અને મહેસૂલ વિભાગના પ્રતિનિધિઓ સાથે ચકાસશે. અહીં, વન અધિકાર સમિતિ એ ખાતરી કરવી જોઈએ કે દાવાઓ માલધારી સમુદાયના સભ્યોની હાજરીમાં ચકાસવામાં આવે છે. દાવાઓના ભાગરૂપે વિસ્તારને દર્શાવતો નકશો તૈયાર કરવો જરૂરી છે.

### પગલું 04

ગ્રામસભા દાવાઓનું સ્વરૂપ અને હદ પર વન અધિકાર સમિતિ દ્વારા રજૂ કરેલા તારણોને ધ્યાનમાં લેશે. ત્યારબાદ ગ્રામસભા પેટા વિભાગીય કક્ષાની સમિતિને મોકલવામાં આવેલા તમામ દાવાઓ પર ઠરાવ પસાર કરશે.

## પગલું 05

પેટા વિભાગીય કક્ષાની સમિતિ દાવાઓની ચકાસણી કરશે અને વન અધિકારોનો ડ્રાફ્ટ રેકોર્ડ તૈયાર કરશે. આ ડ્રાફ્ટ રેકોર્ડ પછી જિલ્લા કક્ષાની સમિતિને મોકલવામાં આવશે.

## પગલું 06

જિલ્લા કક્ષાની સમિતિ, પેટા વિભાગીય કક્ષાની સમિતિની ભલામણોની તપાસ કરશે અને વન અધિકારોનો અંતિમ રેકોર્ડ બનાવશે. જિલ્લા કક્ષાની સમિતિ પછી દાવેદારો માટે અધિકાર પત્ર જાહેર કરશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની સમિતિએ તેમના દાવાઓ દાખલ કરવાની પ્રક્રિયામાં માલધારી  સમુદાયોને સમર્થન આપવા સક્રિય ભૂમિકા રાખવી અપેક્ષિત છે.

## પગલું 07

જો પ્રક્રિયાના કોઈપણ તબક્કે (ગ્રામસભા/પેટા વિભાગીય કક્ષાની સમિતિ/ જિલ્લા કક્ષાની સમિતિ) દાવો નકારવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે, તો તે દાવેદારોને લેખિતમાં જાણ કરવી જોઈએ. કોઈપણ ફરિયાદના કિસ્સામાં અપીલ અરજીઓની સુનાવણી થવી જોઈએ.

## પશુપાલન સમુદાયો તેમના પરંપરાગત સ્થળાંતર માર્ગો પર અધિકારોનો દાવો કરતા હોય જેના વહીવટી અને પ્રાદેશિક સીમાઓ જુદાં હોઈ શકે છે તેવા કિસ્સામાં દાવો ક્યાં દાખલ કરવો જોઈએ?

માલધારી સમુદાયોના દાવાઓ દાખલ કરવાની પ્રક્રિયા અમુક અંશે તેમની સ્થળાંતર પદ્ધતિ અને તેમના ગ્રામસભાના બંધારણ પર આધારિત હશે. સંપૂર્ણ ન હોવા છતાં, માલધારી સમુદાયો દ્વારા દાવાઓ દાખલ કરતી વખતે નીચેની ત્રણ ઘટનાઓનો વારંવાર સામનો કરવો પડે છે.

જિલ્લાની સીમાઓમાં દાવાઓ ધરાવતા માલધારી સમુદાયો ઘાસચારો મેળવવા માટે વારંવાર બે કે તેથી વધુ ગ્રામ પંચાયતો વચ્ચે ફરતાં રહેશે. આવી સ્થિતિમાં, માલધારીઓતેમના નિવાસી ગામોના ગ્રામસભામાં તેમના દાવાઓ નોંધાવી શકે છે. જિલ્લા કક્ષાની સમિતિ દરેક અન્ય ગ્રામસભા સાથે દાવાઓ દાખલ કરવાની સુવિધા આપશે જેના અધિકારક્ષેત્ર દ્વારા સંબંધિત માલધારીઓતેમના પશુઓને ચરાવતા હોય છે. (નિયમ 12B (2)). માલધારી સમુદાયો અને સંબંધિત ગ્રામસભા સાથે પરામર્શ કરીને આવું કરી શકાય છે. પેટા-વિભાગીય સીમાઓમાં આવતા કેસોના સંદર્ભમાં, પેટા વિભાગીય કક્ષાની સમિતિએ દાવાની પ્રક્રિયાનું સંકલન કરવું જરૂરી બને છે (નિયમ 6 (h)).

રાજ્યની અંદર બહુવિધ જિલ્લાઓમાં ચરિયાણ અને મોસમી સ્થળાંતર-પહોંચ અંગેના દાવાઓ સાથે માલધારી સમુદાયો તેમના

> **જિલ્લાની સીમાઓમાં દાવાઓ ધરાવતા માલધારી સમુદાયો પશુઓ ચરાવવા માટે વારંવાર બે કે તેથી વધુ ગ્રામ પંચાયતો વચ્ચે ફરતાં રહેશે. આવી સ્થિતિમાં, માલધારીઓ તેમના નિવાસી ગામોની ગ્રામસભામાં તેમના દાવાઓ નોંધાવી શકે છે.**

નિવાસી ગામોની ગ્રામસભામાં તેમના દાવાઓ દાખલ કરી શકે છે. આવા કિસ્સાઓમાં, સંબંધિત જીલ્લાના જિલ્લા કક્ષાની સમિતિ સંબંધિત ગ્રામસભાઓ (નિયમ 12B (2)) સમક્ષ દાવાઓ દાખલ કરવાની સુવિધા આપશે અને આંતર-જિલ્લા દાવાઓ (નિયમ 8 (e)) સંબંધિત અન્ય જિલ્લા કક્ષાની સમિતિ સાથે સંકલન કરશે. દાવાઓની તપાસ કરવા અને પ્રક્રિયા કરવા માટે સંબંધિત જિલ્લા કક્ષાની સમિતિની સંયુક્ત બેઠક યોજીને આ કરી શકાય છે. આવા કિસ્સાઓમાં જિલ્લા કક્ષાની સમિતિ કે જેના અધિકારક્ષેત્ર હેઠળ ગ્રામસભા આવે છે તેણે અન્ય જિલ્લા કક્ષાની સમિતિ સાથે બેઠક બોલાવવી જોઈએ.

અનેક રાજ્યોમાં ચરાઈ અને મોસમી સ્થળાંતર-પહોંચ પરના દાવાઓ સાથે માલધારી સમુદાયો તેમના નિવાસી ગામોની

ગ્રામસભામાં તેમના દાવાઓ દાખલ કરી શકે છે. આવા કિસ્સાઓમાં, સંબંધિત નિવાસી/મૂળ જિલ્લાના જિલ્લા કક્ષાની સમિતિ સંબંધિત ગ્રામસભાઓ (નિયમ 12B (2)) સમક્ષ દાવાઓ દાખલ કરવામાં મદદ કરશે અને આંતર-જિલ્લા દાવાઓ (નિયમ 8 (e)) સંબંધિત અન્ય જિલ્લા કક્ષાની સમિતિ સાથે સંકલન કરશે. દાવાઓની તપાસ કરવા અને પ્રક્રિયા કરવા માટે સંબંધિત જિલ્લા કક્ષાની સમિતિની સંયુક્ત બેઠક યોજીને આ કરી શકાય છે. આવા દાવા બહુવિધ રાજ્યોમાં આવતા હોવાથી જિલ્લા કક્ષાની સમિતિ એ રાજ્ય કક્ષાની નિગરાની સમિતિ પાસેથી સમર્થન માંગવું જોઈએ. પેટા વિભાગીય કક્ષાની સમિતિ એ આંતર-રાજ્ય દાવાઓને માન્યતા આપવા માટે અન્ય રાજ્ય સરકાર અને રાજ્ય કક્ષાની નિગરાની સમિતિ સાથે સંકલન કરવું જોઈએ.

## પુરાવાઓ

નિયમોની કલમ 13 સ્પષ્ટપણે પુરાવાના પ્રકારોની યાદી આપે છે જે દાવો દાખલ કરતી વખતે સ્વીકારવા જોઈએ. ઉલ્લેખિત કેટલાક મુખ્ય પ્રકારના પુરાવાઓ, જે માલધારીઓના સંદર્ભમાં વિશેષ મહત્વના હોઈ શકે છે, તે આ મુજબના હોઈ શકે છે:

- સરકારી રેકોર્ડ્સ (ગેઝેટિયર્સ અને વર્કિંગ પ્લાન), માલધારી સમુદાયો પાસે ઉપલબ્ધ રેકોર્ડ્સ (દાખલા તરીકે વન અધિકાર કાયદો,13 (2)(a) ચરિયાણ પરમિટ, નિસ્તાર - વગેરે), પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થાઓના અહેવાલો, નકશા, વસ્તી ગણતરી જંગલની જમીનના માલધારી સમુદાયોની પરંપરાગત પહોંચ અને ઉપયોગ અંગેની કોઈપણ માહિતી.
- સમુદાયના વડીલોના નિવેદનો (13(1) (i)).
- ભૌતિક પુરાવા, દાખલા તરીકે, 13 (2)(b)માં જણાવ્યા મુજબ -'પરંપરાગત ચરિયાણના મેદાનો.... માનવ અથવા પશુધનના ઉપયોગ માટે પાણીના સ્ત્રોત વગેરે'
- અગાઉના જમીનના રેકોર્ડમાં ઉલ્લેખિત અથવા અગાઉના સમયગાળામાં ગામના કાયદેસર રહેવાસીઓ તરીકે ઓળખાતી વ્યક્તિઓની વંશાવળીની વિગતો; (13(h))

પુરાવાનો નમૂનો નીચે આપેલ છે:

- કાર્યકારી યોજનાઓ(વર્કિંગ પ્લાન)
- ચરિયાણ કરની રસીદો
- રાજાશાહી વખતન પત્રો
- જૈવ સંસ્કૃતિક લોક શિષ્ટાચાર



THE

WORKING PLAN

FOR THE

SAHARANPUR FOREST DIVISION

WESTERN CIRCLE, U. P.

1959-60 to 1963-64

COMPILED IN THE WORKING PLANS CIRCLE

BY

C. B. SINGH

*Deputy Conservator of Forests, Uttar Pradesh*

UNDER THE DIRECTION OF

S. M. SIBTAIN


*Conservator of Forests, Working Plans Circle, Uttar Pradesh*

ALLAHABAD:

SUPERINTENDENT, PRINTING AND STATIONERY, UTTAR PRADESH (INDIA)

1960

સહારનપુર વન વિભાગ, 1959,60 - 1963,64 માટે કાર્યકારી યોજના દસ્તાવેજનું કવર



INTRODUCTION

This working plan revises the plan that was prepared by Sri T. N. Srivastava for the period 1949-50 to 1958-59. The preliminary report was written by Sri R. C. Soni, Conservator of Forests, Working Plans Circle, U. P., in June 1956. Sri C. B. Singh took over charge of the Working Plan on November 1, 1956, and completed the Working Plan in October, 1958. The second preliminary report was sanctioned by the Chief Conservator of Forests, U. P., with his letter No. , dated and the Working Plan was finally sanctioned by him in September 19.

2. This plan has re-assessed the potentialities of and classified the forests more scientifically than the earlier plans. The rehabilitation of the inferior miscellaneous forests by valuable species will continue as heretofore by the *taungya* method. A more dynamic approach has, however, been made to meet the basic problems by making effective provisions to:

(i) introduce such valuable species as bamboos and *khair* in the hilly areas. If the suggested trials are successful, the rapidly deteriorating hill forests will be restocked on the one hand and protection of hills assured on the other.

(ii) raise *sal* artificially—The suggested measures should be given the most intensive and sincere attention, specially because natural regeneration of *sal* has failed to progress in spite of strict and prolonged protection and fire conservancy.


(iii) regulate lopping of leaf fodder by gujars on a two year cycle—The conflict between the villagers and the gujars has also been reconciled greatly by allotting separate areas to them.

(iv) create a Minor Forest Produce Working Circle and ensure systematic management, regulate exploitation and marketing of the more important Minor Forest Produce.

3. The plan has been well written and if the prescriptions are carried out properly, the forests are bound to improve.

S. M. SIBTAIN,

*Conservator of Forests,*
*Working Plans Circle,*
*Uttar Pradesh.*



( 102 )

measures, are therefore indicated to check erosion and gulley formation. There is plenty of seedling regeneration of *sal* in the *sal* patches which also needs to be protected.

In Beharigarh (Thapal *Dandy*) and Sakrauda (V. F.) block, no systematic work was done before its vesting in the forest department except for irregular fellings by the owner. After vesting the block is now being managed mainly as a grazing ground. Lopping is also being permitted to Jammuwala *gujars*.

THE MISCELLANEOUS FORESTS IN THE TARAI AREAS OF PATHRI


237. **Early working (1877—1896)**—Pathri block were leased for the supply of firewood to the Superintendent of the Workshops at Roorkee for the period 1871 to 1888. An irrigated plantation over 84 acres was successfully raised by the lessee in 1874, north of and adjacent to the Forest Rest House. It would be interesting to note that *tercharbi*, which, is, now, so common in this forest, was first sown in these plantations [see para 320(i) and was not growing naturally in the area].

238. **Grenfell's Plan (1896—1906)**—The whole block was placed in the Grazing working circle, where the object was to provide permanent grazing grounds to local and "outside" cattle. No felling of any sort was laid down but the sale of thatching grass and other minor produce was prescribed.

239. **Courthope's Plan (1906—1922)**—The whole block was placed in the Miscellaneous working circle, except a small area (5,000 acres) in the north, which was included in the Coppice working circle. No systematic working was proposed in the former, while coppice with standards fellings were done in the latter working circle. Coppice fellings were, however, suspended after 1910-12 and the areas transferred to the Miscellaneous working circle, mainly due to the poorness of the crop also due to its greater value as grazing ground.

240. **Benskin's Plan (1923—1929)**—The whole block was placed in the Grazing working circle, where fellings of only dead, dying and also for relieving congestion in the interest of grazing were prescribed, but the last prescription was overlooked and it was considered fortunate that it was not followed.


241. **Mobbs' Plan (1929—1939)**—The prescriptions remained the same as in the previous plan. Local, as well, as, outsiders' cattle were admitted for grazing. Lopping was also permitted to gujars. Fellings were confined to dead and dying trees, including eradication of *tercharbi* on a 10-year cycle.




( xxiii )


| | Paras | Pages |
|---|---|---|
| Table of Fellings ... ... ... | 493 | 253—255 |
| Method of Executing Fellings ... ... | 494 | 256 |
| Supplementary Fellings ... ... ... | 495 | 256 |
| Grass Cutting ... ... ... ... | 496 | 256 |
| Improvement of Grazing ... ... ... | 497 | 256—257 |
| Improvement of Water Supply ... ... | 498 | 257 |
| Watering of Cattle ... ... ... | 499-500 | 257—258 |
| Fire Protection ... ... ... ... | 501 | 258 |
| Natural Regeneration ... ... ... | 502 | 258—259 |
| Artificial Regeneration ... ... ... | 503 | 259 |
| Miscellaneous Regulations ... ... ... | 504 | 259 |
| CHAPTER VI—LOPPING (OVERLAPPING) WORKING CIRCLE | | |
| General Constitution ... ... ... | 505 | 260 |
| Special Objects of Management ... ... | 506 | 260 |
| General Character of the Vegetation ... ... | 507 | 260 |
| Area and Allotment ... ... ... | 508 | 260—261 |
| Lopping Series ... ... ... ... | 509 | 261 |
| Analysis and Valuation of the Crop ... ... | 510—512 | 262—264 |
| Number of Buffaloes to be admitted ... ... | 513 | 264—266 |
| General Principles for Allotment of areas to Villagers and Gujars. | 514 | 266 |
| Annual Lopping Coupes ... ... ... | 515 | 267—279 |
| Lopping Season ... ... ... ... | 516 | 280 |
| Method of Executing Lopping ... ... | 517 | 280 |
| Subsidiary Controls ... ... ... | 518 | 281—283 |
| Lopping Fees ... ... ... ... | 519 | 283 |
| Grazing and Pannce Facilities during the rains ... | 520 | 283—284 |
| Other Regulations ... ... ... | 521-522 | 284—285 |
| CHAPTER VII—KHAIR (OVERLAPPING) WORKING CIRCLE | | |
| General Constitution ... ... ... | 523 | 286 |
| Special Objects of Management ... ... | 524 | 286 |
| General Character of the Vegetation ... ... | 525 | 286 |
| Felling Series ... ... ... ... | 526 | 286—287 |
| Area and Allotment ... ... ... | 527 | 287 |
| Analysis and Valuation of the Crop ... ... | 528 | 287—72 |


વન વિભાગ દ્વારા વિકસિત કાર્યકારી યોજનાના પૃષ્ઠો જેમાં ઉત્તર પ્રદેશ રાજ્યના વન સંસાધનોનો ઉપયોગ કરવાના ગુર્જર માલધારીઓના અધિકારોનો ઉલ્લેખ છે



1961થી ચરિયાણ કરની રસીદ, કચ્છ.




1856માં મહરાવનો પત્ર, કચ્છ – બન્ની (ગુજરાત). જુદા જુદા પશુપાલન જૂથોમાં પાણી અને ચરિયાણના સંસાધનો પર સંઘર્ષ હતો, અને મહરાવએ વિવિધ જૂથો માટેના વિસ્તારોને ચિહ્નિત કરવા માટે આ લખ્યું હતું.




રાજ્યની અંદર





આંતર રાજ્ય




જીલ્લાની અંદર





બાયો-કલ્ચરલ કોમ્યુનિટી પ્રોટોકોલ (BCPs) માંથી કવર ઈમેજીસનો કોલાજ જે સહભાગી પદ્ધતિઓ દ્વારા માલધારી સમુદાયોને દસ્તાવેજ રૂપે રજૂ કરે છે.

# નકશો તૈયાર કરવો (મેપિંગ)


વન અધિકાર સમિતિ એ દાવાના વિસ્તારને દર્શાવતો નકશો તૈયાર કરવો જરૂરી છે. આ એક સરળ સ્કેચ નકશો અથવા ઓળખી શકાય તેવા સીમાચિહ્નો દર્શાવતો સામુદાયિક વન સંસાધનોનો ડિજિટાઇઝ્ડ નકશો હોઈ શકે છે.


કેટલાક નકશાના ઉદાહરણો નીચે પ્રસ્તુત છે:

- સ્કેચ નકશો (હાથથી દોરેલ નકશો)
- ડિજિટાઇઝ્ડ નકશો



સ્કેચ નકશાનો નમૂનો જેનો ઉપયોગ જંગલ અધિકારના દાવા માટે થઈ શકે છે




ડિજિટાઇઝ્ડ રૂટ અને ચરિયાણ વિસ્તારના નકશાના નમૂનાઓ જેનો ઉપયોગ જંગલ અધિકારના દાવાઓ માટે થઈ શકે છે (હિમાચલ પ્રદેશ અને બન્ની, ગુજરાતમાંથી)

# ફરિયાદ અને અપીલ



**કોઈ પણ તબક્કે દાવો નકારવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તો ફરિયાદો અને અપીલોનું નિરાકરણ કરવા માટે વિવિધ મંચો છે.**

# ફરિયાદ અને અપીલ

1. દાવા સંબંધિત કોઈપણ ફેરફાર અથવા અસ્વીકાર દાવેદાર/જીએસને આવા ફેરફાર અથવા અસ્વીકારના વિગતવાર કારણો સાથે (60 દિવસની અંદર જે 90 દિવસ સુધી લંબાવી શકાય છે) જણાવવાની જરૂર છે.
2. ફરજિયાત સત્તાધિકારીઓ (GS, SDLC અથવા DLC) સિવાય અન્ય કોઈ સમિતિ અથવા કોઈપણ રેન્કના કોઈપણ વ્યક્તિગત અધિકારીને વન અધિકારો પરના કોઈપણ દાવાને નકારવા, સંશોધિત કરવા અથવા નક્કી કરવાની સત્તા આપવામાં આવશે નહીં.
3. પીડિત વ્યક્તિની કોઈપણ અરજીનો નિકાલ કરવામાં આવશે નહીં સિવાય કે તેને તેના દાવાના સમર્થનમાં કંઈપણ રજૂ કરવાની વાજબી તક આપવામાં આવી હોય.
4. દાવાઓમાં માત્ર કોઈપણ તકનીકી અથવા પ્રક્રિયાગત આધારો પર ફેરફાર અથવા અસ્વીકાર કરવામાં આવશે નહીં. આવા આધારોના ઉદાહરણો આ હોઈ શકે છે:
   - દાવાઓમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવી નથી.
   - દાવાઓમાં દસ્તાવેજી પુરાવા નથી.
   - દાવાઓમાં નકશાઓ નથી.
   - દાવાઓની ચકાસણી પૂર્ણ થઈ નથી અને અન્ય.
5. જો ભલામણ અધૂરી હોવાનું જણાયું અથવા અમુક વધારાની પરિક્ષણની જરૂર હોય, તો પેટા વિભાગીય કક્ષાની સમિતિ અથવા જિલ્લા કક્ષાની સમિતિએ દાવાને સુધારવા અથવા નકારવાને બદલે ગ્રામસભાને પુનર્વિચાર માટે નિર્દેશિત કરશે.
6. જો પેટા વિભાગીય કક્ષાની સમિતિ, ગ્રામસભા દ્વારા પસાર કરાયેલા ઠરાવને સમર્થન આપે છે, પરંતુ તે જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવતું નથી, તો ઓર્ડરની નકલ દાવેદાર અથવા ગ્રામસભા અથવા સમુદાયને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
7. પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની સમિતિ દસ્તાવેજી પુરાવાના કોઈ ચોક્કસ સ્વરૂપનો આગ્રહ રાખશે નહીં.
8. દાવેદારોને નિર્ણયની તારીખથી 60 દિવસની અંદર દાવા પર લીધેલા કોઈપણ નિર્ણય સામે કાયમી સત્તાવાળાઓને અપીલ કરવાનો અધિકાર છે. [12A (3) અને સેકન્ડ. 6 (2) અને (4)]
9. પીડિત વ્યક્તિને વાજબી તક આપ્યા વિના અપીલ અરજીનો નિકાલ કરી શકાતો નથી. [સેક. એક્ટના 6(2) અને 6(4)]
10. અપીલની સુનાવણી માટે નિર્ધારિત તારીખના ઓછામાં ઓછા 15 દિવસ પહેલા અરજદારના ગામ (ગ્રામસભા)માં અનુકૂળ જાહેર સ્થળે સુનાવણી યોજવામાં આવશે. [નિયમો 14(2) અને 15(2)]
11. કોઈપણ દાવેદાર/સમુદાય ગ્રામસભાના ઠરાવ સામે જિલ્લા કક્ષાની સમિતિને સીધી અપીલ કરી શકશે નહીં સિવાય કે તેને પેટા વિભાગીય કક્ષાની સમિતિને ધ્યાને લાવવામાં આવ્યું હોય અને પ્રાધાન્ય આપવામાં આવ્યું ન હોય. [સેક. અધિનિયમની 6(4)]
12. દાવેદારોને નિર્ણયની તારીખથી 60 દિવસની અંદર દાવા પર લીધેલા કોઈપણ નિર્ણય સામે કાયમી સત્તાવાળાઓને અપીલ કરવાનો અધિકાર છે. [12A (3) અને સેકન્ડ. 6 (2) અને (4)]

13. પીડિત વ્યક્તિને વાજબી તક આપ્યા વિના અપીલ અરજીનો નિકાલ કરી શકાતો નથી. [સેક. એક્ટના 6(2) અને 6(4)]
14. અપીલની સુનાવણી માટે નિર્ધારિત તારીખના ઓછામાં ઓછા 15 દિવસ પહેલા અરજદારના ગામ (ગ્રામસભા)માં અનુકૂળ જાહેર સ્થળે સુનાવણી યોજવામાં આવશે. [નિયમો 14(2) અને 15(2)]
15. કોઈપણ દાવેદાર/સમુદાય ગ્રામસભાના ઠરાવ સામે જિલ્લા કક્ષાની સમિતિને સીધી અપીલ કરી શકશે નહીં સિવાય કે તેને પેટા વિભાગીય કક્ષાની સમિતિને ધ્યાને લાવવામાં આવ્યું હોય અને પ્રાધાન્ય આપવામાં આવ્યું ન હોય. [સેક. અધિનિયમની 6(4)]

## અપીલ પ્રક્રિયામાં સત્તાધિકારીઓના મુખ્ય કાર્યો:

### ❖ ગ્રામસભાના સ્તરે

ગ્રામસભા સમક્ષ તેના તારણો રજૂ કરતા પહેલા, વન અધિકાર સમિતિ દાવેદારને તેના/તેણીના દાવાના અસ્વીકાર અથવા ફેરફારના કારણ વિશે જણાવશે. એકવાર દાવેદારને અસ્વીકારની માહિતી મળી જાય, તે ગ્રામસભા સમક્ષ વન અધિકાર સમિતિના તારણો સામે અપીલ દાખલ કરવાનું પસંદ કરી શકે છે.

ગ્રામસભા તેના/તેણીના દાવાને મંજૂર કરી શકે છે અથવા અરજીને નકારી શકે છે;જો અરજી નકારી કાઢવામાં આવે, તો ગ્રામસભા દાવેદારને અસ્વીકારના કારણ વિશે જણાવશે અને દાવેદારને સૂચનાની તારીખથી 60 દિવસની અંદર પેટા વિભાગીય કક્ષાની સમિતિ સમક્ષ ગ્રામસભાના નિર્ણય સામે કેસ (પિટિશન) દાખલ કરવાના તેના અધિકાર વિશે પણ જાણ કરશે..

### ❖ પેટા વિભાગીય કક્ષાની સમિતિ સ્તરે

નિયમો 14 માં ગ્રામસભાના નિર્ણય સામે પીડિત વ્યક્તિ અથવા દાવેદારની અરજી સાંભળવાની પ્રક્રિયા અને પદ્ધતિનો ઉલ્લેખ છે. સુનાવણીની પ્રક્રિયા અને પદ્ધતિ બે રીતે થઈ શકે છે: પેટા વિભાગીય કક્ષાની સમિતિ તરફથી સીધી સુનાવણી દ્વારા અથવા પુનર્વિચાર માટે ગ્રામસભાને પિટિશનનો સંદર્ભ આપીને.

જો સુનાવણી સીધી પેટા વિભાગીય કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવે છે, તો પેટા વિભાગીય કક્ષાની સમિતિ અરજીની સુનાવણી માટે તારીખ નક્કી કરશે. આના પગલે, પેટા વિભાગીય કક્ષાની સમિતિ સુનાવણીની તારીખના 15 દિવસ પહેલાં જાહેર સૂચના દ્વારા અરજીકર્તા અને ગ્રામસભાને જાણ કરશે. તે પછી અરજદારના ગામમાં સુવિધાજનક જાહેર જગ્યામાં સુનાવણી થશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ બંને પક્ષોના મંતવ્યો સાંભળશે (ગ્રામસભા અને પિટિશનર વતી વન અધિકાર સમિતિ). બંને પક્ષકારોને સાંભળ્યા પછી, પેટા વિભાગીય કક્ષાની સમિતિ યોગ્ય આદેશો પસાર કરશે, અથવા અરજી સ્વીકારી કે નકારી કાઢવી. પેટા વિભાગીય કક્ષાની સમિતિ બંને પક્ષોને લેખિતમાં ઓર્ડરની જાણ કરશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ બંને પક્ષોને તેમના નિર્ણય સામે અપીલ દાખલ કરવાના અધિકાર વિશે પણ આદેશ પસાર કર્યાની તારીખથી 60 દિવસની અંદર જિલ્લા કક્ષાની સમિતિને જણાવશે.

જો પિટિશન પુનઃવિચારણા માટે ગ્રામસભાને પરત મોકલવામાં આવે તો આ અંગેની માહિતી અરજદારને પ્રદાન કરવાની રહેશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ તરફથી પુનર્વિચાર પત્ર મળ્યા પછી, ગ્રામસભા અરજીકર્તાને સાંભળવા માટે 30 દિવસના સમયગાળાની અંદર મળવાનું રહેશે. વન અધિકાર સમિતિ, દાવેદાર સાથે સુનાવણી માટે ગ્રામસભા મીટિંગની તારીખ અને સ્થળ વિશે વાતચીત કરશે. ગ્રામસભા મિટિંગ જરૂરી કોરમ સાથે સ્વતંત્ર, મુક્ત અને ન્યાયી રીતે યોજાય તેની ખાતરી કરવાની

જવાબદારી પેટા વિભાગીય કક્ષાની સમિતિની છે. ગ્રામસભા મિટિંગનો કોરમ આવા ગ્રામસભાના તમામ સભ્યોના અડધા (50%) કરતા ઓછો હોવો જોઈએ નહીં. ઓછામાં ઓછા 1/3 મહિલા સભ્યો હોવા જોઈએ. ગ્રામસભા, અરજદારનો અભિપ્રાય સાંભળશે અને તે સંદર્ભે ઠરાવ પસાર કરશે અને તેને પેટા વિભાગીય કક્ષાની સમિતિને મોકલશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ, ગ્રામસભાના ઠરાવ પર વિચાર કરશે અને યોગ્ય આદેશો પસાર કરશે, જેમાં અરજી સ્વીકારશે અથવા નકારી કાઢશે. પછી પેટા વિભાગીય કક્ષાની સમિતિ બંને પક્ષોને લેખિતમાં ઓર્ડરની જાણ કરશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ આદેશ પસાર કર્યાની તારીખથી 60 દિવસની અંદર જિલ્લા કક્ષાની સમિતિને તેમના નિર્ણય સામે અપીલ દાખલ કરવાના તેમના અધિકાર વિશે બંને પક્ષોને જાણ કરશે.

### ❖ જિલ્લા કક્ષાની સમિતિના સ્તરે


નિયમો 15માં પેટા વિભાગીય કક્ષાની સમિતિના નિર્ણય સામે પીડિત વ્યક્તિ અથવા દાવેદારની અરજી સાંભળવાની પ્રક્રિયા અને પદ્ધતિનો ઉલ્લેખ છે. સુનાવણીની પ્રક્રિયા અને પદ્ધતિ બે રીતે થઈ શકે છે: જિલ્લા કક્ષાની સમિતિ તરફથી સીધી સુનાવણી દ્વારા અથવા પુનઃવિચારણા માટે અરજીને પેટા વિભાગીય કક્ષાની સમિતિને પાછી મોકલીને.

જો સુનાવણી સીધી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવે છે, તો જિલ્લા કક્ષાની સમિતિ અરજીની સુનાવણી માટે તારીખ નક્કી કરશે. તેના પગલે, જિલ્લા કક્ષાની સમિતિ અરજીકર્તા અને પેટા વિભાગીય કક્ષાની સમિતિને સુનાવણીની તારીખના 15 દિવસ પહેલા જાહેર સૂચના દ્વારા જાણ કરશે. પછી અરજદારના ગામમાં જાહેર જગ્યામાં સુનાવણી થશે. જિલ્લા કક્ષાની સમિતિ બંને પક્ષો (પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને પિટિશનર)ના મંતવ્યો સાંભળશે. બંને પક્ષકારોને સાંભળ્યા પછી, જિલ્લા કક્ષાની સમિતિ યોગ્ય આદેશો પસાર કરશે, જેમાં અરજી સ્વીકારશે અથવા નકારી કાઢશે. જિલ્લા કક્ષાની સમિતિ બંને પક્ષોને લેખિતમાં ઓર્ડરની જાણ કરશે.

જો પિટિશનને પુનઃવિચારણા માટે પેટા વિભાગીય કક્ષાની સમિતિને મોકલવામાં આવે તો આ અંગેની માહિતી અરજદારને આપવાની રહેશે. જિલ્લા કક્ષાની સમિતિ અરજદારને જાણ કરવાની સાથે પુનઃવિચારણા માટે સંબંધિત પેટા વિભાગીય કક્ષાની સમિતિને અરજી પરત મોકલી શકે છે. જિલ્લા કક્ષાની સમિતિ તરફથી પુનર્વિચાર પત્ર મળ્યા પછી, પેટા વિભાગીય કક્ષાની સમિતિ, અરજદારને અને ગ્રામસભાને સુનાવણીની તારીખ અને સ્થળ વિશે જાણ કરશે. પેટા વિભાગીય કક્ષાની સમિતિ બંને પક્ષો (ગ્રામસભા અને પિટિશનર)ના મંતવ્યો સાંભળશે. પછી પેટા વિભાગીય કક્ષાની સમિતિ નિર્ણય લેશે અને જિલ્લા કક્ષાની સમિતિને તેના નિર્ણયની જાણ કરશે. પછી જિલ્લા કક્ષાની સમિતિ એ પેટા વિભાગીય કક્ષાની સમિતિ દ્વારા લીધેલા નિર્ણય પર વિચારણા કરશે અને પિટિશન સ્વીકારીને અથવા નકારીને યોગ્ય આદેશો પસાર કરશે. જિલ્લા કક્ષાની સમિતિ બંને પક્ષકારોને લેખિતમાં ઓર્ડરની નકલ મોકલશે.

# કેસ સ્ટડીઝ અને બોધપાઠ

પશુપાલન સમુદાયો દ્વારા ચરિયાણ સંસાધનોની પહોંચને સુરક્ષિત કરવા માટે વન અધિકાર કાયદાના સફળ ઉપયોગના અહીં બે ઉદાહરણો છે.



## કેસ સ્ટડી

### ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલા બન્નીના રક્ષિત જંગલના માલધારીઓ (પશુપાલકો) એ વન અધિકાર કાયદા હેઠળ સામુદાયિક વન અધિકાર(CFR) નો દાવો કરનાર ભારતમાં પ્રથમ માલધારી જૂથ છે.

#### ❖ પૃષ્ઠભૂમિ

બન્ની એ 2500 ચોરસ કિમીનું ઘાસનું મેદાન છે જેને સંરક્ષિત વન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. તે પરંપરાગત રીતે વિચરતા/ અર્ધ-વિચરતા માલધારી સમુદાયો દ્વારા વપરાશ, સંચાલન અને સુરક્ષિત રહ્યું છે. હાલમાં લગભગ 7000 પરિવારો, મોટાભાગે માલધારીઓ, તેમની બન્ની ભેંસ અને કાંકરેજ ગાય સહિતના પશુઓ સાથે ઘાસના મેદાનમાં રહે છે અને વિકાસ કરે છે. વહીવટી રીતે, બન્નીમાં 19 પંચાયતોમાં 48 ગામોનો સમાવેશ થાય છે. બન્ની ઘાસના મેદાનોમાં હવે આંતરિક સીમાઓ નથી અને તેથી ત્યાં સંસાધનનો ઉપયોગ અને પહોંચ અંગે વિશાળ અતિવ્યાપ્તિ (ઓવરલેપ) છે.

#### ❖ અભિમુખતા અને સંગઠિત થવું

બન્ની બ્રીડર્સ એસોસિએશન (BPUMS- બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન) એ 2011માં સરકાર સાથે મળીને બન્ની પરના તેમના અધિકારો અંગે સંવાદ શરૂ કર્યો. ચર્ચાના ઘણા દોર અને જનજાગૃતિ  પછી, માલધારીઓએ નિર્ણય લીધો: કે બન્નીનો ઉપયોગ સામુહિક રીતે જ કરવામાં આવશે. જેનો સંસાધન અને સામુદાયિક વન સંસાધનો તરીકે દાવો કરવામાં આવશે. આ નોંધપાત્ર હતું કારણ કે આટલા મોટા જમીન સંસાધન પર આ રીતે સામુદાયિક અધિકારનો દાવો કરવા માટે લોકોનો આટલો મોટો સમુદાય પહેલીવાર સાથે આવ્યો હતો. 2012માં તેઓએ વન અધિકાર કાયદો લાગુ કરવામાં આવે અને તેમના રૂઢિગત અધિકારોને ઔપચારિક બનાવવાની માંગ સાથે સામૂહિક રેલી કાઢી હતી.

#### ❖ ગ્રામસભા અને વન અધિકાર સમિતિની રચના

માલધારીઓએ ગ્રામસભાનું આયોજન કરવાનું અને રચના કરવા શરૂ કરવાનું નક્કી કર્યું
વન અધિકાર કાયદાની જોગવાઈઓ અનુસાર તેમના દાવાઓ રજૂ કરવા. નવેમ્બર 2013માં ગ્રામ જાગૃતિ કરવા, માલધારીઓ પોતે એક મોટા નિર્ણય પર પહોંચ્યા: કે બન્નીને સામુદાયિક સંસાધન તરીકે ઉપયોગમાં લેવાશે અને સામુદાયિક વન સંસાધન તરીકે દાવો કરવામાં આવશે. 2012માં તેઓએ વિસ્તારના સંદર્ભમાં વન અધિકાર કાયદો લાગુ કરવાની માંગ સાથે એક સામૂહિક રેલી કરી હતી.
સભાઓએ ગ્રામ્ય સ્તરે વન અધિકાર સમિતિઓની રચના કરવાનું શરૂ કર્યું. 47 ગામોએ તેમની વન અધિકાર સમિતિની રચના કરીને પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની સમિતિમાં ઠરાવો દાખલ કર્યા. આ પ્રક્રિયા પહેલા સમુદાયિક સ્તરે અને જિલ્લા વહીવટીતંત્ર સાથે ઘણાં દોરની ચર્ચા થઇ હતી. માલધારીઓ સ્થાનિક વસ્તીનો મોટો હિસ્સો હોવાથી, વન અધિકાર અંતર્ગત રચાયેલી ગ્રામસભાઓ મોટાભાગે સ્વરૂપમાં એકરૂપ હતી.



સામુદાયિક વન અધિકાર(CFR) દાવાઓની ચર્ચા કરવા માટે ગ્રામસભાની બેઠક

દરેક ગામોની ગ્રામસભાઓ માટે પ્રક્રિયા લગભગ સમાન રીતે કરવાની હોવાથી અને બીજી તરફ આ ગામો વિશાળ વિસ્તારમાં ફેલાયેલા હોવાથી, ગ્રામસભાઓ એ સંકલન અને પરામર્શની સરળતા માટે મહા ગ્રામસભા(સામૂહિક ગ્રામસભા)નું આયોજન કરવાનું નક્કી કર્યું. મહા ગ્રામસભા એ દાવાઓ દાખલ કરવાની અને માન્યતાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક સંસ્થા તરીકે સતત સેવા આપી હતી.

### ❖ દાવાઓ દાખલ કરવા

ગ્રામસભાઓ અને વન અધિકાર સમિતિઓ દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રથમ પગલું અધિકારોનું નિર્ધારણ, સંસાધનનું મેપિંગ અને પહોંચ તેમજ ઉપયોગ-અતિવ્યાપ્તિનું નિર્ધારણ હતું. વન અધિકાર સમિતિ એ એક બિન-સરકારી સંસ્થા સહજીવનને રિસોર્સ મેપિંગ(સંસાધનોની માપણી) કરવામાં મદદ કરવા અંગે પૂછ્યું. ગ્રામ્ય સ્તરે વિવિધ જૂથો સાથે ઘણી બેઠકોનું આયોજન કરવામાં આવ્યું અને વિવિધ ચરિયાણ વિસ્તારોમાં મોસમી પ્રવેશ માટે નકશા બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યું હતું.

વચગાળામાં, જિલ્લા વહીવટીતંત્ર તરફથી સત્તાવાર રીતે વન અધિકાર સમિતિ બનાવવાના આદેશો આવ્યા અને આમ 2014 માં, વન અધિકાર કાયદા મુજબ દાવાઓ તૈયાર કરવામાં આવ્યા અને દાખલ કરવામાં આવ્યા.

તમામ ગ્રામસભાના મંત્રીઓ અને પ્રમુખો ચર્ચા કરવા માટે એકસાથે આવ્યા હતા કે દાવો દાખલ કેવી રીતે થવો જોઈએ – ખાસ કરીને સમગ્ર બન્ની ઘાસના મેદાનો પર એક જ દાવો અથવા દાવાના સમૂહ. ઘણાં દોરના પરામર્શ પછી, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક ગ્રામસભા તેના સામુદાયિક વન અધિકાર માટે દાવો તૈયાર કરશે અને દાખલ કરશે. જો કે, દરેક માટે માંગ અને ફોર્મેટ સમાન હશે અને અંતે તે બધા બન્ની મહાસભા દ્વારા પસાર થશે.



વન અધિકાર કાયદો(FRA)દાવાઓ અંગે ચર્ચા કરવા મહિલાઓ મળે છે, કચ્છ


દાવાઓ ગ્રામસભાઓ અને બન્ની મહાસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા અને પેટા વિભાગીય કક્ષાની સમિતિમાં રજૂ કરવામાં આવ્યા. આ રીતે, 47 દાવાની ફાઈલો તેમની સંબંધિત ગ્રામસભાઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને મહા ગ્રામસભામાં પાસ કરવામાં આવી હતી.

### ❖ ગ્રામસભાઓએ વન અધિકાર કાયદા હેઠળ નીચેના અધિકારોનો દાવો કર્યો છે

1. વન અધિકારની કલમ 3 (1) (b) હેઠળ નિસ્તાર અધિકારો: બન્ની ઘાસના મેદાનમાં આજીવિકા નિર્માણ માટે વસવાટના અધિકારો, ચરિયાણના અધિકારો, પાણીના સંસાધનો પરના અધિકારો, કુદરતી સંસાધનો પરના અધિકારો.
2. વન અધિકાર - 3 (1) (c) હેઠળ બિન-લાકડાની વન પેદાશો (NTFP) અધિકારો: દુષ્કાળની સ્થિતિમાં મધ, ગુંદર, ઘાસ-ચારો, ઔષધીય વનસ્પતિઓ, લાકડાં અને કોલસો બનાવવા વગેરે જેવા ગૌણ વન ઉત્પાદનોનો સંગ્રહ. .
3. 3. નીચેના સામુદાયિક અધિકારોનો દાવો કરવામાં આવ્યો હતો:

- પાણીના સંસાધનોના ઉપયોગના અધિકારો, માછીમારી, માનવીઓ અને પ્રાણીઓ માટે પીવાનું પાણી વિવિધ જલપ્લાવિત વિસ્તારો વગેરે પર.
- ચરિયાણ: 2500 ચોરસ કિલોમીટરથી વધુ, પ્રાણીઓ માટે (3) (1) (ડી) હેઠળ ચરાઈ અને મોસમી સંસાધનોની પહોંચ-પ્રવેશનો અધિકાર.
- બન્ની ઘાસના મેદાન પર પૂર્વ-કૃષિ સમુદાયોના ચરિયાણ અને વસવાટના અધિકારો.

4. વન અધિકારની કલમ 3 (1)(i) હેઠળ વ્યવસ્થાપન અને શાસન અધિકારો જે જંગલો અને જૈવવિવિધતાના રક્ષણના અધિકાર પ્રદાન કરે છે




બન્ની તરફથી દાખલ કરેલ નમૂનાનો ડિજિટલ નકશો

5. વન અધિકાર- 3 (1) (h) હેઠળ વન ગામોનું મહેસૂલી ગામોમાં રૂપાંતર: તમામ વન ગામોને મહેસૂલી ગામોમાં રૂપાંતરિત કરવાની માંગ કરવામાં આવી હતી.
6. વન અધિકાર- (3) (1) (k) હેઠળ મૂળ/સ્વદેશી પશુધનની જાતિઓના રક્ષણ, સંવર્ધન અને વિકાસ સહિત જૈવવિવિધતા તેમજ બૌદ્ધિક સંપદા અને જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વિવિધતા સંબંધિત પરંપરાગત જ્ઞાનના સામુદાયિક અધિકારો મેળવા. બન્ની ભેંસ, કાંકરેજ ગાય, કચ્છી ઘોડો, દેશી ઘેટાં અને બકરીની જાતિઓ, કચ્છી ગધેડો વગેરે. આ જાતિઓના આર્થિક લાભોના સંબંધમાં પહોંચ અને લાભ-વહેંચણીના અધિકારોનો પણ સમાવેશ થાય છે.
7. જો 3 (1) (L) હેઠળ હોય તો અન્ય પરંપરાગત અધિકારો

દાવો કરવો અને તેથી માન્યતા બે સ્તરે થઈ. તમામ ગ્રામસભાઓએ બન્ની ઘાસના મેદાન પર તેમના સામુદાયિક વન અધિકારને માન્યતા આપી અને બીજું, તેમના ગામોની હદમાં અન્ય ગામો/વપરાશકર્તા જૂથોની પ્રવેશ અથવા પહોંચને માન્યતા આપી.

## ❖ પુરાવા અને દસ્તાવેજો

બન્ની માલધારીઓ અનુસૂચિત જનજાતિ (ST) નથી અને તેથી તેમને વન અધિકાર કાયદાની અન્ય પરંપરાગત નિવાસીઓ (OTFD) શ્રેણી હેઠળ માન્યતા આપવામાં આવે છે. તેઓએ તેમના સામુદાયિક વન અધિકાર  અંગે દાવાના સમર્થનમાં પુરાવાની બે વ્યાપક શ્રેણીઓનો ઉપયોગ કર્યો:

1. 1. 19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં સ્થાનિક શાસક (મહારાવ) એ સંખ્યાબંધ ચુકાદાઓ આપ્યા હતા જેમાં આ અને અન્ય માલધારીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને બન્ની વિસ્તારનો સંદર્ભ આપ્યો હતો.
2. સમુદાય પાસે મહારાવને ચૂકવવામાં આવેલા ચરિયાણ કરની રસીદો હતી.

## ❖ રાજ્ય અને જિલ્લા સ્તરની વહીવટી સંસ્થાઓ- જિલ્લા કક્ષાની સમિતિ, પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને રાજ્ય સરકારની ભૂમિકા

બન્નીના અનુભવ પરથી સમજાય છે કે બ્રીડર્સ એસોસિએશન જેવી સમુદાય-સંચાલિત સંસ્થાઓ અને પ્રતિભાવશીલ, કાર્યકારી રાજ્ય વહીવટ બંનેના સંયુક્ત પ્રયાસોથી કામ થઈ શકે છે. માલધારી સમુદાયોના અધિકારોનો દાવો કરવા અને તેને માન્યતા આપવામાં જિલ્લા કક્ષાની સમિતિએ જવાબદારી સ્વીકારી તેનું મહત્વ પ્રકાશિત કર્યું છે. 2012માં ગુજરાત સરકારે ગુજરાતના બિન-અનુસૂચિત વિસ્તારોમાં વન અધિકાર કાયદાના અમલીકરણ માટે એક સરકારી ઠરાવ(GR) બહાર પાડ્યો હતો. એક વર્ષની અંદર, કચ્છના કલેક્ટરે જંગલની જમીન ધરાવતાં ગામોમાં જિલ્લા કક્ષાની સમિતિ, પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને ગ્રામસભાની રચના કરવાની જાણે ઝુંબેશ ઉપાડી હોય તેમ ઠરાવો જાહેર કર્યા. અન્ય નોંધપાત્ર પગલું એ હતું કે જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લામાં વન અધિકાર કાયદા માટે નોડલ અધિકારી તરીકે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી. પેટા વિભાગીય કક્ષાની સમિતિએ ગ્રામસભા સાથે જરૂરી સંખ્યામાં બેઠકો અને પરામર્શનું આયોજન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જો કે, એ ઉલ્લેખ કરવો આવશ્યક છે કે દાવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં અને જિલ્લા કક્ષાની સમિતિ અને પેટા વિભાગીય કક્ષાની સમિતિ દ્વારા 48 દાવાઓ મંજૂર કરવામાં આવ્યા હોવા છતાં, માલધારીઓના સામુદાયિક વન અધિકારોની સત્તાવાર માન્યતા હજુ સુધી આપવામાં આવી નથી અને ગ્રામસભાઓને તેમના અધિકાર પત્ર મળવાના બાકી છે. વહીવટી તંત્ર દ્વારા પ્રક્રિયાની સફળતા અને તેની સ્વીકૃત સ્પષ્ટ બ્લુપ્રિન્ટ પૂરી પાડે છે; પણ તેની અપૂર્ણ સ્થિતિ એક અવગણના દર્શાવે છે, જે સ્થિતિમાંથી ઝડપી ઉકેલ કાઢવો અત્યંત જરૂરી છે.

## કેસ સ્ટડી II:

# હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના મુલ્થાન તાલુકામાં વહીવટી અને પ્રાદેશિક સીમાઓ પર માલધારી અધિકારોનો દાવો અને માન્યતા.

### ❖ પૃષ્ઠભૂમિ :

હિમાચલી માલધારીયત, સામાન્ય રીતે પર્વતીય માલધારીયત છે, જેમાં ઉનાળો અને ચોમાસું ઊંચાઈ પર્વત પરના ગોચરોમાં ચરવામાં વિતાવવામાં આવે છે, જ્યારે શિયાળો હિમાલયની તળેટીના વિસ્તારોના જંગલોમાં વિતાવવામાં આવે છે. વર્ષના ચાર મહિના સુધીનો સમય આ ઉનાળા અને શિયાળાના ચરિયાણ મેદાનો વચ્ચે ફરતા પસાર થાય છે. સ્થળાંતર વખતે, માલધારીઓતેમના પ્રાણીઓને રસ્તાની બાજુમાં, ગામડાઓમાં અને જંગલની જમીનમાં ચારતા હોય છે. **1999**માં ધૌલાધર વન્યજીવ અભયારણ્યને સૂચિત કરવામાં આવ્યું હતું અને **2008**થી, ચરિયાણ પરના નિયંત્રણો વધુ ગંભીર બન્યા હતા. અભયારણ્યનો **700** ચોરસ કિ.મીથી વધારીને **1000** ચોરસ કિમી. કરાયો જે સામાન્ય ચરિયાણ માટેની જમીન હતી. જેણે માત્ર **200** કૃષિ-માલધારીઓ (મુલ્થાનના માલધારીયત-આધારિત પરિવારો) જ નહીં પરંતુ **600** અન્ય માલધારીઓને લાભ આપી રહી હતી જેમણે ઘણી સદીઓથી તેમના ઉનાળામાં ચરવા માટે જમીનનો ઉપયોગ કર્યો હતો.

### ❖ ગ્રામસભા અને વન અધિકાર સમિતિની રચના

હિમાચલ પ્રદેશમાં, વન અધિકાર કાયદો શરૂઆતમાં માત્ર અનુસૂચિ-પાંચ(V) વિસ્તારો - લાહૌલ, સ્પીતિ અને ચંબા જિલ્લાના પ્રદેશમાં લાગુ કરવામાં આવ્યો હતો, અને પછીથી તેને સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો. 2014માં વન અધિકાર સમિતિઓની રચના થવા લાગી.

### ❖ વન અધિકારોનું નિર્ધારણ અને દાવા કરવાની પ્રક્રિયા

જ્યારે માલધારી સમુદાયોએ મુલ્થાનમાં દાવાઓ દાખલ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેઓએ 28 ગ્રામસભાઓના માત્ર સ્થાનિક હિસ્સેદારોને જ નહીં, પરંતુ વિવિધ જિલ્લાઓના અન્ય આશ્રિત પરિવારોને પણ સામેલ કર્યા, જેઓ ઉનાળામાં ચરિયાણ માટે મુલથાન આવતાં હતા. આનો ઉપયોગ વ્યૂહાત્મક રીતે બહુવિધ હિસ્સેદારો દ્વારા સામુદાયિક સંસાધનના સામૂહિક સંચાલન માટેના કેસને મજબૂત કરવા કરવામાં આવ્યો હતો. જુદા-જુદા જિલ્લાના તમામ લોકોની યાદી વિગતો સાથે તૈયાર કરવામાં આવી હતી કે તેઓ આ વિસ્તારમાં પહોંચ્યા હતા અને તેઓ ક્યારે તેનો ઉપયોગ કરે છે. આવી જ જંગલોની યાદી મુલથાનના સ્થાનિક ભરવાડો માટે, તેમની સાથે રહીને તૈયાર કરવામાં આવી હતી જેનો તેઓ શિયાળામાં ચરિયાણ માટે ઉપયોગ કરે છે.

આમ સંસાધનોની માપણી(રિસોર્સ મેપિંગ)માં ચરિયાણના વિસ્તારો, માર્ગો અને વિચરતા ભરવાડ સમુદાયના વિરામના




સમુદાયના સભ્યો હિમાચલ પ્રદેશના કાંગડામાં આવેલી ઓફિસમાં સામુદાયિક વન અધિકારનો દાવો રજૂ કરે છે.



હિમાચલ પ્રદેશના કાંગડામાં દાવાઓ દાખલ કર્યા પછી સમુદાયના સભ્યો વચ્ચે બેઠક

દસ્તાવેજોનો સમાવેશ થતો. ક્રોસ-બોર્ડર પશુપાલન દાવાઓ દાખલ કરતી વખતે તેઓને જે મુખ્ય પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે પૈકી એક, ગ્રામસભાએ નિર્ણય લેવાનો હતો કે જે દાવો દાખલ કરાયો છે તેની સાથે અને સ્થળાંતર દરમિયાન તેઓ સંસાધનોનો ઉપયોગ કરે છે તે તમામ ગ્રામસભામાંથી તેમના દાવાઓને પસાર કરવાની પ્રક્રિયા કરવી. મુલ્થાનમાં તેઓએ જે ગ્રામસભાના તેઓ રહેવાસી હતા તેના દાવા કરવાનું નક્કી કર્યું અને સ્થળાંતર વખતે ઉપયોગમાં લેવાતા સમગ્ર સ્થળાંતર માર્ગોને  તેઓ જ્યાં રોકાયા હતા તે સ્થાનો સહિત રેકોર્ડ કર્યા. તેથી, ગ્રામસભા જ્યાં ભરવાડો મૂળ નિવાસી હતા અને તેમના દાવાઓ મળ્યાં હતાં તે દાવાઓની ચકાસણી કરી અને તેમને પેટા વિભાગીય કક્ષાની સમિતિને મોકલી આપ્યાં. આ સમગ્ર રિસોર્સ મેપિંગ પ્રાથમિક રીતે ભરવાડ સમુદાયને સાથે રાખીને કરવામાં આવ્યું હતું.

પશુપાલન કરતા વિચરતી સમુદાયો માટે આંતર-જિલ્લા કક્ષાની સમિતિમાં દાવાઓ દાખલ કરવાનો આ દેશનો પ્રથમ પ્રયાસ હોવાથી, માત્ર ચરિયાણના વિસ્તારો જ નહીં, પરંતુ સ્થળાંતર દરમિયાન તેમના દ્વારા અનુસરવામાં આવતા રસ્તાઓનું પણ કાળજીપૂર્વક દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું, તે પણ ધ્યાનમાં લેવામાં આવ્યું  કે તેઓ ક્યાં અટકે છે અને કયા જળ સંસાધનોનો ચાલતી વખતે ઉપયોગ કરે છે. આ ઉપરાંત, ગ્રામસભા, વન અધિકાર સમિતિ, પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને જિલ્લા કક્ષાની સમિતિઓની યાદી પણ તૈયાર કરવામાં આવી હતી, જે હેઠળ તમામ ગામ/જંગલ આવે છે..

અનેક મલ્ટી-સ્ટેકહોલ્ડર્સ મિટીંગો યોજવામાં આવી હતી અને હદનું સીમાંકન, અધિકારોનું સ્વરૂપ વગેરે જેવી બાબતો પર પૂર્વ-દાવા અને માલધારી અધિકારોના દાવાઓના હિતધારકો વચ્ચેના તણાવને રોકવા માટે આ તબક્કે ઘણી ચર્ચાઓ કરવામાં આવી હતી. જે પાછળથી અમલમાં આવી હતી. ઉદાહરણ તરીકે, મોટા ગ્રાન ગ્રામસભા તેઓ પોતે જે વિસ્તાર ચરશે અને જેના પર તેઓ ઘેટાંપાળકોને ચરિયાણ દેશે તેની સીમાઓ નક્કી કરે છે. બડા ભાંગલ ગામના ગ્રામસભાએ બહારથી આવતા માલધારીઓને માત્ર ચરિયાણનો અધિકાર આપવાનું નક્કી કર્યું અને જડીબુટ્ટીઓના સંગ્રહનો અધિકાર ન આપ્યો. શાસક ગ્રામસભામાં, ફેસિલિટેટર્સે વિવિધ જૂથો સાથે પરામર્શ કર્યો અને પછી બધા જૂથો સાથે મળીને સંયુક્ત પરામર્શ થયાં. આમ શાસનમાં ગ્રામસભામાં સ્થાનિક સમુદાયો અને ઉનાળામાં પ્રાણીઓ ચરાવવા માટે બીજા વિસ્તારમાંથી આવેલા લોકો સાથે ચર્ચાઓ અને ક્રિયાપ્રતિક્રિયાઓનો સમાવેશ થાય છે - એવા સમુદાયો કે જેઓ ખરેખર અહીં કાયમી રહેતા ન હતા. તેના બદલે, અન્ય ઉનાળો તેમના માર્ગ પરના ચરાઈ વિસ્તારોમાંથી પસાર થઈ ગયા હતા. આ ઉપરાંત શાસક ગ્રામસભાના રહીશો શિયાળામાં ચરિયાણ માટે જતા વિસ્તારોની ગ્રામસભાઓ સાથે પણ ચર્ચા કરી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં લગભગ બે વર્ષનો સમય લાગ્યો પરંતુ માલધારી અને વન અધિકાર કાયદો લોકશાહી અને સમુદાય ભાવના સાથે સફળતાપૂર્વક આગળ વધ્યો.

### ❖ પુરાવા અને દસ્તાવેજો :

હિમાચલ પ્રદેશમાં, તેઓએ સમુદાયોની ઐતિહાસિક પહોંચ અને જેના માટે તેઓ દાવો દાખલ કરી રહ્યા હતા તે સંસાધનોના ઉપયોગને સાબિત કરવા માટે વજીબ-ઉલ-આરઝ (રિવાજોનો રેકોર્ડ)નો ઉપયોગ કર્યો. કરન્થુ ગ્રામસભામાં, સંબંધિત ફોરેસ્ટ ડિવિઝન (પાલમપુર)ની જૂની કાર્ય યોજનાની નકલ અને એન્ડરસનની 'ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફ 1887'ની નકલ પણ પુરાવા માટે સહાયક દસ્તાવેજો તરીકે રજૂ કરવામાં આવી હતી.

## ❖ વહીવટી સંસ્થાઓની ભૂમિકા અને કાર્યો :

આંતર-પેટા વિભાગીય કક્ષાની સમિતિ અને આંતર-જિલ્લા કક્ષાની સમિતિ દાવાઓને બહુવિધ પ્લેટફોર્મ પર મોકલવાની જવાબદારી દરેક ઘરની અથવા ગ્રામસભાની નથી, બલ્કે તે જિલ્લા કક્ષા સમિતિની જવાબદારી છે. કાંગડા અને તેની આસપાસના માલધારીઓએ વન અધિકારની કાયદાકીય જોગવાઈઓનો ઉપયોગ કર્યો; જેમાં નિયમ 8 (e) જે જણાવે છે કે જિલ્લા કક્ષાની સમિતિના કાર્યોમાંનું એક છે 'આંતર-જિલ્લા દાવાઓ અંગે અન્ય જિલ્લાઓ સાથે સંકલન કરવું.'

## ❖ સામુદાયિક વન અધિકાર માટે ટાઇટલ

માલધારીના સંદર્ભમાં સામુદાયિક અધિકારોના સ્વરૂપ બે-પક્ષીય છે - તે સમુદાય દ્વારા રાખવામાં આવે છે પરંતુ વ્યક્તિગત રીતે વપરાશ કરવામાં આવે છે. જાહેર કરાયેલા અધિકાર પત્ર સંબંધિત ગ્રામસભાના તમામ કાયમી રહેવાસીઓના નામ પર હતા અને સૌથી નોંધપાત્ર રીતે ઉલ્લેખ કર્યો છે કે સમુદાય વન સંસાધન વિસ્તારની અંદર વિચરતી અને માલધારી સમુદાયોના મોસમી પ્રવેશ અને ઉપયોગના અધિકારોને ગ્રામસભા દ્વારા કલમ 3(1)(1) હેઠળ આપવામાં આવશે. d) અને (i) અધિનિયમ. ગ્રામસભા અને આવા વપરાશકર્તા સમુદાયો અધિનિયમની કલમ 5 હેઠળ વિસ્તારના ટકાઉ ઉપયોગ માટે પહોંચ-પ્રવેશ નિયંત્રિત કરવા માટેના નિયમો સંયુક્ત રીતે નક્કી કરશે.'

